

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 294
Dt.: 05-07-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa

### વાર્ષિક ૨૦ કરોડ ચિપ બનશે

# વડાપ્રધાને સાણંદમાં દેશના ત્રીજા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું કર્યું ઉદ્‌ઘાટન

## આનાથી ૫૦૦૦ જેટલી નવી રોજગારીઓનું સર્જન થશે અને ભારતને ગ્લોબલ સેમિકન્ડક્ટર હબ બનાવવામાં મદદ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદમાં સી.જી. સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલીટીનું ઉદ્ઘાટન કર્યું. ભારત, જાપાન અને થાઈલેન્ડ વચ્ચેની ભાગીદારીના આ અનોખા મોડલના પીએમ મોદીએ વખાણ કર્યા. દેશને ગ્લોબલ સેમિકન્ડક્ટર હબ બનાવવાની દિશામાં ચાલી રહેલા પ્રયાસોને આજે એક નવી ગતિ મળી છે. આ દેશનો ત્રીજો સેમિકન્ડક્ટર પ્લાન્ટ છે. આ સાથે જ ચિપ પેકેજિંગનું વ્યાવસાયિક ઉત્પાદન સત્તાવાર રીતે શરૂ થઈ ગયું છે.

આ અવસરે પીએમ મોદીએ દેશને અભિનંદન પાઠવતા કહ્યું કે, આજનો આ કાર્યક્રમ એ વાતનો જીવતો-જાગતો પુરાવો છે કે, ભારત જે ધારે છે, તે કરીને બતાવે છે. પાંચ વર્ષ પહેલા ભારતે સંકલ્પ લીધો હતો કે, દેશને સેમિકન્ડક્ટર હબ બનાવીશું. આપણે ડિઝાઈન ઈન ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયાના મંત્રને લઈને આગળ વધ્યા છીએ, અને આજે દેશના ત્રીજા સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં પણ ચિપ પેકેજિંગનું કોમર્શિયલ પ્રોડક્શન શરૂ થઈ રહ્યું છે.

પીએમ મોદીએ આગળ કહ્યું, ૨૦૨૪માં આ પ્લાન્ટનો શિલાન્યાસ કરવાનો અવસર મને મળ્યો હતો. ૨૦૨૫ના ઓગસ્ટ મહિનામાં અહીં ટેસ્ટિંગ ચિપનું કામ શરૂ થયું, અને આજે આ પ્લાન્ટનું ઉદ્ઘાટન થઈ ગયું છે. શિલાન્યાસથી પ્રોડક્શન સુધીની આ સફર ચોક્કસપણે અનેક સાથીઓના પરિશ્રમનું પરિણામ છે.

પીએમ મોદીએ આ પ્લાન્ટને ભારત, જાપાન અને થાઈલેન્ડના સંયુક્ત પ્રયાસોનું પ્રતિક ગણાવ્યો, અને સાથે જ કહ્યું કે, આ ભારતની સેમિકન્ડક્ટર જર્નીને નવી ગતિ આપશે. વડાપ્રધાને કહ્યું કે, સી.જી. સેમીનો આ પ્લાન્ટ ભારત, જાપાન અને થાઈલેન્ડના આપણા સંયુક્ત પ્રયાસોનું પણ પ્રતિક છે. આ માત્ર એક બિઝનેસ વેન્ચર નથી, આ ટેકનોલોજી, ભરોસા અને ભાગીદારીનું એવું મોડલ છે, જે ભારતની સેમિકન્ડક્ટર જર્નીને નવી ગતિ આપશે.

પીએમ મોદીએ આગળ કહ્યું, મને જણાવવામાં આવ્યું છે કે, હવે અહીંથી દર વર્ષે ૨૦ કરોડ ચિપ બનશે. તમે અહીં જ અટકવાના નથી, તમે દર વર્ષે ૫૦૦ કરોડ ચિપ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. મારો પાકો વિશ્વાસ છે કે, તમે તેને ખૂબ જ ટૂંક સમયમાં પ્રાપ્ત કરીને જ રહેશો. આ ભરોસો એ વાતનો પણ છે કે, સેમિકોન ઈન્ડિયા **(Semicon India)** પ્રોગ્રામ ઝડપી ગતિ પકડી રહ્યો છે. **STEP BY STEP, BRICK BY BRICK,** (સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક) અને હવે **CHIP BY CHIP** (ચીપ બાય ચીપ). હું **CG Semi** (સીજી સેમી) ની આખી ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વડાપ્રધાને કહ્યુ કે, ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો વિસ્તાર અચાનક નથી થયો. આ છેલ્લા એક દાયકામાં ભારતમાં આવેલી ઈલેક્ટ્રોનિક્સ ક્રાંતિનું આગામી પગલુ છે. પહેલા પ્રોડક્ટ, પછી કમ્પોનન્ટ્સ અને હવે સેમિકન્ડક્ટર, એટલે કે, ઈલેક્ટ્રોનિક્સની આખી વેલ્યૂ ચેઈન ભારતમાં હશે. આ જ વિકસિત ભારતનો રોડમેપ છે. આ જ મેક ઈન ઈન્ડિયાનો આગામી તબક્કો છે.

વડાપ્રધાને કહ્યુ કે, આજે ભારત દુનિયાનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ છે, અને બીજો સૌથી મોટો મોબાઈલ નિકાસકાર પણ છે. આજે ભારતનું કુલ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ૨૦૧૪ની સરખામણીમાં અંદાજે ૭ ગણું વધી ચૂક્યું છે. ઈલેક્ટ્રોનિક્સ નિકાસ અંદાજે ૧૧ ગણી વધી ગઈ છે.

આ ફેસિલિટી ઓટોમોટિવ, ઈન્ડસ્ટ્રિયલ, ટેલિકોમ્યુનિકેશન્સ, પર અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ **(IoT)** ક્ષેત્રોના ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરશે. ઝ્યસેમી ફેસિલિટી એન્ડ-ટુ-એન્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ સેવાઓ પ્રદાન કરે છે, જેમાં વેફર સોર્ટિંગ, એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજ ડિઝાઈન, ફેલ્યોર એનાલિસિસ, ટેસ્ટ પ્રોગ્રામ ડેવલપમેન્ટ, પ્રોડક્ટ કેરેક્ટરાઈઝેશન અને લોજિસ્ટિક્સ સપોર્ટનો સમાવેશ થાય છે.

માઈક્રોન પ્લાન્ટના શુભારંભ બાદ કેન્સ સેમિકોન અને હવે **CG** સેમિ દ્વારા **OSAT** સુવિધા શરૂ થવાથી સ્થાનિક આર્થિક વિકાસને વધુ વેગ મળશે. **OSAT** એટલે કે આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી ટેસ્ટ પ્લાન્ટમાં ચીપનું ટેસ્ટિંગ અને પેકેજિંગ કરીને તેને માર્કેટમાં પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. **CG** સેમિ દ્વારા બીજા એક પ્લાન્ટના નિર્માણનું કામ પણ અત્યારે પ્રગતિમાં છે. આ બન્ને



**OSAT** સુવિધાઓ સાથે મળીને દિવસની કુલ ૧.૫ કરોડ ચિપ્સનું નિર્માણ કરશે. આ **OSAT** સુવિધામાં **QFN, QFP** જેવી લિગેસી ચીપ્સ અને આધુનિક **FC-BGA** અને **FC-CSP** ચિપ્સનું નિર્માણ કરવામાં આવશે, જે ઓટોમોટિવ, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ડસ્ટ્રીઅલ સાધનો, પર સાધનો અને પાવર એપ્લિકેશન ક્ષેત્રની જરૂરિયાતોને પૂર્ણ કરશે. આ કંપનીમાં અત્યારે ૩૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે. આ પ્લાન્ટ શરૂ થવાથી આગામી પાંચ વર્ષમાં ૫૦૦૦ સીધી અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન થશે.

### જરૂર પડ્યે ઉચિત પગલાં લઈશું : ભારત

# બાંગ્લાદેશના તિસ્તા પ્રોજેક્ટમાં ચીનની એન્ટ્રીથી ભારત એલર્ટ

## બાંગ્લાદેશ દ્વારા તિસ્તા નદી પરિયોજના અને CBMECમાં ચીન સાથેના સહયોગથી ભારત ચિંતિત છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બાંગ્લાદેશ દ્વારા તિસ્તા નદી પરિયોજના અને ચીન-બાંગ્લાદેશ-મ્યાનમાર ઈકોનોમિક કોરિડોર **(CBMEC)**માં ચીન સાથે વધારવામાં આવી રહેલા સહયોગ અંગે ભારતે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે પડોશી દેશોમાં થઈ રહેલી આવી દરેક મહત્ત્વની ગતિવિધિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યું છે અને જરૂર પડશે ત્યારે યોગ્ય પગલાં પણ લેશે.

તાજેતરમાં બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનની ચીન મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે તિસ્તા રિવર કોમ્પ્રિહેન્સિવ મેનેજમેન્ટ એન્ડ રિસ્ટોરેશન પ્રોજેક્ટ પર સહયોગ માટે સહમતી બની છે. આ સાથે જ ચીને ચીન-બાંગ્લાદેશ-મ્યાનમાર ઈકોનોમિક કોરિડોર **(CBMEC)** પરિયોજનાને પણ આગળ ધપાવવાની યોજના રજૂ કરી છે. બાંગ્લાદેશની નવી સરકાર આ મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ચીનની ટેકનિકલ સહાયતા મેળવવા માટે સક્રિય દેખાઈ રહી છે.

નિષ્ણાતોના મતે, જો **CBMEC** પરિયોજના પૂર્ણ થાય છે, તો ચીનને સીધો બંગાળની ખાડી સુધી પહોંચવાનો માર્ગ મળી જશે. ભારત માટે સૌથી મોટી ચિંતા એ છે કે જો ચીની નિષ્ણાતો તિસ્તા પરિયોજના પર કામ કરશે, તો તેઓ ભારતની વ્યૂહાત્મક રીતે અત્યંત સંવેદનશીલ ગણાતી ચિકન નેક(સિલીગુડી કોરિડોર) સરહદની ખૂબ નજીક પહોંચી જશે. આ એ સાંકડો ભૂભાગ છે જે ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોને દેશના બાકીના ભાગો સાથે જોડે છે અને સામરિક દૃષ્ટિએ અતિ મહત્ત્વનો છે.

આ ઘટનાક્રમો અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, ભારત પોતાના પડોશી દેશોમાં થતી તમામ મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓ પર સતત દેખરેખ રાખે છે અને પોતાની રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં યોગ્ય પગલાં લે છે. તિસ્તા પરિયોજના અંગે ભારતે અગાઉ જ બાંગ્લાદેશ સમક્ષ પોતાનો પક્ષ સ્પષ્ટ કરી દીધો હતો. ભારત આ નવા ઘટનાક્રમોને પોતાની સમગ્ર નીતિનો ભાગ બનાવીને આગળની વ્યૂહનીતિ નક્કી કરશે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કુલ ૫૪ નદીઓ વહે છે. જોકે, તિસ્તા એકમાત્ર એવી મુખ્ય નદી છે, જેના જળની વહેંચણીને લઈને બંને દેશો વચ્ચે હજુ સુધી કોઈ ઔપચારિક કરાર થઈ શક્યો નથી. જૂન ૨૦૨૪માં તત્કાલીન બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીનાની ભારત મુલાકાત દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તિસ્તા નદીના સંરક્ષણ અને પ્રબંધનમાં સહયોગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને ભારતની ટેકનિકલ ટીમને ઢાકા મોકલવાની વાત કહી હતી. હવે આ પ્રોજેક્ટમાં ચીનની એન્ટ્રી થતાં દક્ષિણ એશિયાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

### તપાસનો આદેશ આપવામાં આવ્યો

# રામ મંદિર બાદ હવે કેદારનાથ-બદ્રીનાથમાં પણ દાન ચોરીનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદુન

અયોધ્યાના રામ મંદિર બાદ હવે ઉત્તરાખંડના પ્રસિદ્ધ શ્રી બદ્રીનાથ ધામમાં પણ દાનની રકમમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો સામે આવ્યા છે. સોશિયલ મીડિયા પર આ અંગેની વિગતો વાઈરલ થયા બાદ, શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ **(BKTC)**એ આ મામલાની ગંભીરતાથી નોંધ લઈને આંતરિક તપાસના આદેશ આપ્યા છે.

**BKTC**ના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ એક વીડિયો મેસેજ દ્વારા જણાવ્યું છે કે સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા અહેવાલોને સમિતિએ અત્યંત ગંભીરતાથી લીધા છે. કરોડો ભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને આ મામલે ૨૪ કલાકની અંદર જ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર **(CEO)** દ્વારા દાન ગણતરીની પ્રક્રિયામાં સામેલ તમામ કર્મચારીઓ અને અધિકારીઓને શો-કોઝ (કારણદર્શક) નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે. તટસ્થ અને તથ્યો આધારિત તપાસ માટે એક વિશેષ તપાસ સમિતિની રચના કરવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે હિન્દુ સંગઠન 'ભૈરવ સેના'ના સ્થાપક અધ્યક્ષ સંદીપ ખત્રીએ ૩ જુલાઈના રોજ **BKTC**ના સીઈઓ સોહન સિંહ રંગડને એક ફરિયાદ પત્ર મોકલ્યો. આ પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ૨ જુલાઈના રોજ સવારે આશરે ૮:૩૦ વાગ્યે બદ્રીનાથ ધામમાં દાનની ગણતરી દરમિયાન ચોરીની ઘટના બની હતી, જે ત્યાં લાગેલા સીસીટીવી **(CCTV)** કેમેરામાં પણ કેદ થઈ છે. ફરિયાદમાં એવો પણ દાવો કરાયો છે કે **BKTC** અધ્યક્ષના કથિત અંગત સચિવે દાનની રકમમાંથી આ ચોરી કરી છે. આ મામલે એફઆઈઆર **(FIR)** નોંધવાની માગ કરવામાં આવી છે. મંદિર સમિતિના રેકોર્ડ અનુસાર, પ્રમોદ નૌટિયાલ વર્ષ ૨૦૧૪થી પર્સનલ આસિસ્ટન્ટ **(PA)** તરીકે ફરજ બજાવી રહ્યા છે. એપ્રિલ ૨૦૨૬માં તત્કાલીન સીઈઓ દ્વારા બહાર પાડવામાં આવેલી યાદી (રોસ્ટર) મુજબ, તેમનું નામ થાળી એટલે કે મંદિરમાં આવતા દાનની ગણતરી કરતી સમિતિના સભ્યોમાં સામેલ કરવામાં આવ્યું હતું. સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ સોશિયલ મીડિયા પર ચાલી રહેલી એ વાતોને સખત શબ્દોમાં નકારી કાઢી છે જેમાં આરોપી કર્મચારી તેમનો અંગત સચિવ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, 'મારો કોઈ પર્સનલ સેક્રેટરી નથી. જે વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે તે બદ્રી-કેદાર મંદિર સમિતિનો જ એક નિયમિત કર્મચારી છે.' બીજી તરફ, સીઈઓ સોહન સિંહ રંગડે જણાવ્યું કે ફરિયાદ બાદ મંદિર પરિસરના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, પરંતુ ઉપલબ્ધ ફૂટેજ વધુ સ્પષ્ટ નથી. મંદિર સમિતિના સૂત્રોના જણાવ્યા અનુસાર, બદ્રીનાથ ધામમાં દાનની ગણતરી એક નિર્ધારિત અને પારદર્શક પ્રક્રિયા હેઠળ થાય છે. જ્યારે દાનની બેગ ખોલવામાં આવે છે ત્યારે તેની જાહેરાત કરવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન બેંકના કર્મચારીઓ, મંદિર સમિતિના અધિકારીઓ, પ્રોટોકોલ ઓફિસર્સ અને અન્ય અધિકૃત સભ્યો હાજર રહે છે. નોંધનીય છે કે આ વિવાદ સામે આવ્યાના એક દિવસ પહેલા જ એટલે કે ૨ જુલાઈના રોજ, મ્દ્રઝએ તમામ મંદિરોમાં દાન અને આવકના સ્ત્રોતો પર દેખરેખ કડક કરવા માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી હતી, જેમાં કોઈ પણ પ્રકારની નાણાકીય ગેરરીતિ સામે કડક શિસ્તભંગના પગલાં લેવાની ચેતવણી આપવામાં આવી હતી.

# ભારતના ગોલ્ડ રિઝર્વમાં મોટો ઘટાડો, વિદેશી મુદ્રા ભંડાર પણ ઘટ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના વિદેશી મુદ્રા ભંડાર અને ગોલ્ડ રિઝર્વ (સોનાના ભંડાર) માં ભારે ઘટાડો નોંધાયો છે. ભારતીય રિઝર્વ બેંક **(RBI)** દ્વારા જાહેર કરવામાં આવેલા નવા આંકડા અનુસાર, ૨૬ જૂન ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશનું વિદેશી હૂંડિયામણ ૫.૬૫૪ અબજ ડોલર ઘટીને ૬૬૬.૯૩૩ અબજ ડોલર પર આવી ગયું છે. આ અગાઉના સપ્તાહમાં દેશનું વિદેશી હૂંડિયામણ ૯૬૩ મિલિયન ડોલર વધીને ૬૭૨.૫૮૭ અબજ ડોલરની સપાટીએ પહોંચ્યું હતું.

આરબીઆઈના અહેવાલ મુજબ, આ સપ્તાહ દરમિયાન દેશના ગોલ્ડ રિઝર્વમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. સોનાનો ભંડાર ૫.૩૯૪ અબજ ડોલર ઘટીને ૧૦૨.૫૩૬ અબજ ડોલર પર આવી ગયો છે. આ ઉપરાંત વિદેશી મુદ્રા ભંડારના સૌથી મોટા હિસ્સા સમાન ફોરેન કરન્સી અસેટ્સ **(FCA)** માં પણ ૧૫૦ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે અને તે ૫૪૧.૦૬૭ અબજ ડોલર પર પહોંચી ગયું છે. વિદેશી ચલણ અસ્કયામતોમાં યુરો, પાઉન્ડ અને યેન જેવી બિન-અમેરિકી કરન્સીના મૂલ્યમાં ફેરફારની અસર પણ જોવા મળી છે.

આ સિવાય સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮૯ મિલિયન ડોલર ઘટીને ૧૮.૫૫૮ અબજ ડોલર અને **IMF** માં ભારતની અનામત સ્થિતિ ૨૧ મિલિયન ડોલર ઘટીને ૪.૭૭૨ અબજ ડોલર રહી ગઈ છે.

### નીતિન ગડકરીએ કરી દીધી મોટી જાહેરાત

# પેટ્રોલ બાદ હવે ડીઝલમાં પણ ૧૫ ટકા ઈથેનોલ ભેળવવાની તૈયારી

## ઈથેનોલથી વાહનોને કોઈ તકલીફ થતી નથી અને તેનાથી અર્થવ્યવસ્થા પર આયાતનું પ્રેશર પણ ઓછું થાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ કરવા પર મચેલો હોબાળો હજુ શાંત નથી થયો ત્યાં ડીઝલમાં પણ તેને મિક્સ કરવાની તૈયારી શરુ થઈ ચૂકી છે.

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે જીવાશ્મ ઈંધણ પર ભારતની આયાતની નિર્ભરતાને ઘટાડવા માટે પેટ્રોલ બાદ હવે ડીઝલમાં પણ ૧૫ ટકા ઈથેનોલ મિલાવવામાં આવશે. નીતિન ગડકરીએ કહ્યું કે, ઈથેનોલથી વાહનોને કોઈ તકલીફ થતી નથી અને તેનાથી અર્થવ્યવસ્થા પર આયાતનું પ્રેશર પણ ઓછું થાય છે. સરકારે ઈંધણના વિકલ્પ પર રણનીતિ બનાવવાને લઈ નીતિન ગડકરીએ કહ્યું કે, ડીઝલમાં ડાયરેક્ટ ઈથેનોલ નથી મિલાવવામાં આવતો, પણ તેનો આઈસોબ્યૂટેનોલ સોલ્યુશન બનાવી તેને ઈથેનોલમાં મિલાવવામાં આવશે.

આ પ્રક્રિયા સંપૂર્ણપણે ટેકનિકલ રીતે પરીક્ષણ માથી પસાર થઈ ચૂકી છે અને ઈથેનોલને પહેલા આઈસોબ્યૂટેનોલમાં પરિવર્તિત કર્યા બાદ તેને ડીઝલમાં ભેળવવામાં આવશે. શરુઆતમાં ડીઝલમાં ૧૫ ટકા આઈસોબ્યૂટેનોલનું મિશ્રણ કરવામાં આવશે. આ ભારતની ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ આગળ વધવા અને ટ્રાન્સપોર્ટેશનમાં ક્લીન એનર્જીને સામેલ કરવા તરફ એક મોટું પગલું હશે.

પ્રશિક્ષણમાં આવ્યા સારા પરિણામઃ નીતિન ગડકરીએ કહ્યું કે, ડીઝલમાં આઈસોબ્યૂટેનોલ જે ઈથેનોલનું જ એક રૂપ છે, તેને ભેળવવાને લઈ ચાલી રહેલી ટેસ્ટિંગના પરિણામ સારા આવ્યા છે.

તેનો પાયલટ પ્રોજેક્ટ ખૂબ જ સરળ રહ્યો છે અને હવે તેને ગ્રાઉન્ડ લેવલ પર ભેળવવાની તૈયારી છે. તેનું પરીક્ષણ કરવા માટે અમે ૧૦૦ ટકા ઈથેનોલ અને આઈસોબ્યૂટેનોલ સાથે બે જનરેટરને ચલાવ્યા, જેથી એ સાબિત થાય છે કે હવે એન્જિન આ પ્રકારના ઈંધણથી ચાલવા માટે સંપૂર્ણપણે તૈયાર થઈ ચૂક્યા છે.

E૨૦ પેટ્રોલ પર વિવાદ બાદ આવ્યું નિવેદનઃ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું આ નિવેદન પેટ્રોલિયમ મંત્રાલયના એ નિવેદન બાદ આવ્યું છે, જેમાં E-૨૦ પેટ્રોલના વાહનો માટે સંપૂર્ણ સુરક્ષિત ગણાવી રહ્યા છે. ગડકરીએ કહ્યું કે, આઈસોબ્યૂટેનોલ નેક્સ્ટ જનરેશનનું બાયોફ્યૂલ છે. જે ખૂબ જ સારું પરફોર્મન્સ આપે છે.

આઈસોબ્યૂટેનોલની એનર્જી ડેન્સિટી ખૂબ જ સારી છે અને તે ભવિષ્યનું ઈંધણ બનવા માટે કાબેલ છે. આ અગાઉ પેટ્રોલિયમ મંત્રાલયે એ તમામ વાતોને ફગાવી દીધી હતી, જેમાં કહેવાઈ રહ્યું હતું કે E-૨૦ પેટ્રોલના કારણે વાહનોના એન્જિન ખરાબ થઈ રહ્યા છે અને ઈન્શ્યોરન્સ કંપનીઓ તેની વોરંટી લેવાની ના પાડી રહી છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયે એવું પણ કહ્યું હતું કે ભારત સરકારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનો ટાર્ગેટ સમય કરતા વહેલો પ્રાપ્ત કરી લીધો છે. ભારતે E-૨૦ પેટ્રોલના વેચાણ ડિસેમ્બર ૨૦૨૫થી સંપૂર્ણપણે કરવાનું શરુ કરી દીધું છે, જે નિશ્ચિત શિડ્યૂલ કરતા પહેલા છે. સત્તાવાર આંકડામાં જણાવી રહ્યા છે કે તેનાથી ભારત સરકારના ખજાનામાં ૧.૯૦ લાખ કરોડ રૂપિયાની વિદેશી મુદ્રા બચાવવામાં મદદ મળી છે.

E૨૦ પેટ્રોલ ન ફક્ત ભારત પર આયાતનો બોજ ઓછો થયો છે, પણ કાર્બનનું ઉત્સર્જન ઘટાડવા અને ખેડૂતોની આવક વધારવામાં પણ સફળતા પ્રાપ્ત થઈ છે.



# તંત્રી લેખ......

## બાળકો પર સાયબર ખતરો મંડરાઈ રહ્યો છે

આજના ઈન્ટરનેટ મીડિયાની દુનિયામાં, બાળકોના બાળપણને લાઈક્સ અને વ્યૂઝથી ઘેરાયેલા રહેવાની ફરજ પાડવામાં આવે છે. બાળકોના મોબાઈલ ફોન સ્ક્રોલ કરવામાં, ચેટિંગ કરવામાં, રીલ્સ જોવામાં અને રીલ્સ બનાવવામાં માતાપિતાની સક્રિય ભાગીદારી ચિંતાનો વિષય બની રહી છે. પરિણામે, ૮૦ ટકાથી વધુ બાળકોના ફોટા અથવા વિડિઓઝ ઓનલાઈન ઉપલબ્ધ છે. આનો અર્થ એ છે કે જે ઉંમરે તેઓએ રમવું, ખાવું, અભ્યાસ કરવો અને સર્જનાત્મક કાર્યમાં વ્યસ્ત રહેવું જોઈએ, તે ઉંમરે આપણે પોતે તેમને સાયબર ધમકી, ઓનલાઈન શોષણ, ડિજિટલ વ્યસન, ગોપનીયતા ઉલ્લંઘન અને અનિચ્છનીય માનસિક તાણનો ભોગ બનાવી રહ્યા છીએ.

આજે, વિશ્વભરમાં આશરે ૪૦૦ મિલિયન બાળકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. ભારતમાં, નવ થી તેર વર્ષની વયના આશરે ૭૬ ટકા બાળકો ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ જેવા ઈન્ટરનેટ મીડિયાનો ઉપયોગ ફક્ત સમય પસાર કરવા માટે જ નહીં, પરંતુ બાળ પ્રભાવકો બનવા તરફ પણ આગળ વધી રહ્યા છે. આજે, ૮૩,૦૦૦ થી વધુ બાળ પ્રભાવકો ફક્ત ઈન્સ્ટાગ્રામ પર સક્રિય છે, જે તાજેતરના વર્ષોમાં ૪૧ ટકાથી વધુનો વધારો દર્શાવે છે.

ઈન્ટરનેટ મીડિયા સાથે સંકળાયેલા બાળકો હવે ફક્ત રીલ્સ અથવા વિડિઓ દર્શકો નથી, પરંતુ પ્રમોશન માટે સામગ્રી નિર્માતા અને બ્રાન્ડ પણ બની રહ્યા છે. તેઓ સામગ્રી નિર્માણમાંથી લાખો રૂપિયા પણ કમાઈ રહ્યા છે. સર્વેક્ષણો દર્શાવે છે કે ૨૦૧૦ પછી જન્મેલા ૩૭ ટકા બાળકો ઈન્ટરનેટ મીડિયાના ક્ષેત્રમાં પ્રભાવશાળી બનવાની ઈચ્છા રાખે છે. માતાપિતા આ બાળકોના એકાઉન્ટ્સનું સંચાલન કરે છે, વિડિઓઝ શૂટ કરે છે, વિડિઓઝ સંપાદિત કરે છે અને તેમને ઈન્ટરનેટ મીડિયા પર અપલોડ કરે છે. આ "બાળકોનું ડિજિટલ અર્થતંત્ર" ફક્ત આર્થિક ખ્યાલ નથી; તે બાળ અધિકારો, સલામતી, ગોપનીયતા અને નીતિશાસ્ત્ર સાથે સંબંધિત મુદ્દો પણ છે.

જ્યારે બાળકો ઈન્ટરનેટ મીડિયા પર સક્રિય હોય છે, વિડિઓઝ જુએ છે અથવા રમતો રમે છે, ત્યારે તેઓ માત્ર મનોરંજન જ નહીં પરંતુ ડેટા પણ ઉત્પન્ન કરે છે. તેમના વર્તન, ટેવો, પસંદ, નાપસંદ અને રુચિઓ ડિજિટલ કંપનીઓ માટે આર્થિક મૂલ્ય ધરાવે છે. જ્યારે બાળક વિડિઓ જુએ છે, એપ્લિકેશન ડાઉનલોડ કરે છે, રમત રમે છે અથવા ઑનલાઈન વર્ગમાં ભાગ લે છે, ત્યારે તેમના સ્થાન, વર્તન અને રુચિઓ વિશેનો ડેટા એકત્રિત કરવામાં આવે છે. ડિજિટલ કંપનીઓ આ ડેટાનો ઉપયોગ બજાર સંશોધન, જાહેરાત, વ્યવસાય વ્યૂહરચના વિકાસ અને અલ્ગોરિધમિક ભલામણો માટે કરે છે. આ જ કારણ છે કે આજે બાળકોના ડેટાની સુરક્ષા એક ગંભીર ચિંતા બની રહી છે.

આ ડિજિટલ અર્થતંત્ર બાળકોને શિક્ષણ, નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને નવી વૈશ્વિક તકો સાથે જોડી શકે છે. જોકે, જો આપણે આ લોભમાં તેમની ડિજિટલ સુરક્ષા, ગોપનીયતા અને માનસિક સ્વાસ્થ્યને અવગણીએ તો તે એક ગંભીર પડકાર પણ ઉભો કરી શકે છે. આના સંકેતો પહેલાથી જ ઉભરી રહ્યા છે. જેમ જેમ ડિજિટલ ક્રાંતિ ઝડપી બને છે, તેમ તેમ વિશ્વભરમાં ચર્ચા ચાલી રહી છે કે શું આપણે બાળકોને ડિજિટલ બાળ મજૂર બનાવી રહ્યા છીએ. આ ડિજિટલ યુગમાં, ફેક્ટરીઓ સ્માર્ટફોન દ્વારા અને મશીનોને અલ્ગોરિધમ્સ દ્વારા બદલવામાં આવી છે.

ભારત સહિત ઘણા દેશોમાં બાળકો પર ઈન્ટરનેટ મીડિયાની વધતી નકારાત્મક અસર અંગે, સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચે તાજેતરમાં ઑનલાઈન પ્લેટફોર્મ પર બાળકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શિકા જારી કરી છે. ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ઈન્ટરનેટ મીડિયા પર પ્રતિબંધ મૂક્યો છે. ફ્રાન્સ, સ્પેન, ડેનમાર્ક, ઈન્ડોનેશિયા અને મલેશિયાએ પણ કિશોરોની ઑનલાઈન સલામતી સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં લીધા છે. બ્રિટન પણ આવી જ પહેલ કરવાની યોજના બનાવી રહ્યું છે. આને ધ્યાનમાં રાખીને, ભારતમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના કિશોરો દ્વારા ઈન્ટરનેટ મીડિયાના ઉપયોગ પરના પ્રતિબંધો અંગે ચર્ચા પણ વધી રહી છે. બાળકોના ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ પર ૫-૬ કલાકના સંપર્કથી માત્ર ભાવનાત્મક નબળાઈ જ નથી, પરંતુ વિચારવાની, સમજવાની અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતામાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે.

## રાજકોટના ઉપલેટામાં આભ ફાટ્યું: ગામો બેટમાં ફેરવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

સમગ્ર સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક સમયથી મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી છે. ભારે વરસાદને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અમરેલી, જુનાગઢ અને રાજકોટ જિલ્લામાં સ્થિતિ અત્યંત ગંભીર બની છે. નદીઓમાં ઘોડાપૂર અને દરિયામાં તોફાની મોજાંઓને કારણે વહીવટી તંત્ર દ્વારા હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં ભારે વરસાદના તાંડવ વચ્ચે દ્વારકા-સોમનાથ હાઈવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. આ ઉપરાંત માંગરોળના અનેક ગામો સંપર્ક વિહોણા છે.અમરેલીના જાફરાબાદ દરિયાકિનારે ભારે વરસાદની આગાહી વચ્ચે દરિયામાં જોરદાર કરંટ જોવા મળી રહ્યો છે. દરિયામાં ઊંચા મોજાં ઉછળતા હોવાથી તકેદારીના ભાગરૂપે બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. માછીમારોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૭૦૦થી વધુ બોટોને કિનારે લાંગરી દેવામાં આવી છે. તંત્ર દ્વારા માછીમારોને દરિયો ન ખેડવા અને લોકોને દરિયાકિનારાથી દૂર રહેવા કડક સૂચના આપવામાં આવી છે. રેડ એલર્ટના પગલે સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારોમાં સતર્કતા વધારી દેવામાં આવી છે.

અમરેલીના દરિયાકાંઠામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. દરિયાની સ્થિતિ અને તોફાની પવનની ગતિને ધ્યાનમાં રાખીને જાફરાબાદ બંદર પર સાવચેતીના ભાગરૂપે ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે, જ્યાં અત્યારે ૧૦ ફૂટથી પણ વધુ ઊંચા મોજાં ઉછળી રહ્યા છે. તંત્ર દ્વારા અગમચેતી વાપરીને ૭૦૦થી વધુ બોટોને કિનારે લાવી સુરક્ષિત રીતે લાંગરી દેવામાં આવી છે, જેમાંથી ૩૦૦ જેટલી બોટોને ક્રેન વડે જમીન પર ઉપર ચડાવી દેવાઈ છે અને બાકીની બોટો જેટી પર વ્યવસ્થિત રીતે બાંધી દેવાઈ છે.

જુનાગઢના માંગરોળ પંથકમાં ધોધમાર વરસાદના કારણે નોળી નદી ગાંડીતૂર બની છે. નદીમાં આવેલા ઘોડાપૂરને કારણે સોમનાથ–પોરબંદર નેશનલ હાઈવે પર ૪૦ ફૂટનું મોટું ધોવાણ થયું છે. હાઈવેનો એક ભાગ ધસી પડતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. તંત્ર દ્વારા સલામતી માટે માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે અને મુસાફરોને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના લાઠ અને ભીમોરા ગામે મેઘરાજાએ ભારે તબાહી મચાવી છે. લાઠ ગામમાં માત્ર બે કલાકમાં ૭ ઈંચ વરસાદ પડતા આખું ગામ બેટમાં ફેરવાઈ ગયું છે. ભારે વરસાદને કારણે ઉપલેટાથી લાઠ, ભીમોરા, મજેઠી અને તલંગણા તરફ જતા રસ્તાઓ ધોવાઈ ગયા છે.

# કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ એ અમદાવાદના વિકાસ અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓની સમીક્ષા કરી





કેન્દ્રીય રેલવે, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના અમદાવાદ આગમન પર આજે અમદાવાદ એરપોર્ટ પર અમદાવાદ મહાનગરના જનપ્રતિનિધિઓ અને પદાધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું. આ અવસર પર શહેર અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી જોડાયેલા વિવિધ વિકાસ કામો પર વિગતવાર ચર્ચા થઈ.

બેઠકમાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્.યું કે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનાનું કામ ઝડપી ગતિથી પ્રગતિ પર છે તથા પરિયોજનાનું લગભગ ૮૦ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે વર્ષ ૨૦૨૭ માં સૂરત-બિલિમોરા સેક્શન પર બુલેટ ટ્રેન સેવાનો પ્રથમ તબક્કો આરંભ કરવામાં આવશે, આ પછી ક્રમિક રૂપે વાપી-સૂરત, અમદાવાદ અને અંતમાં મુબઈ સુધી પરિયોજનાનું વિસ્તરણ કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં વિશ્વસ્તરનું રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આધુનિક સ્ટેશન, ઉત્તમ સડક સંપર્ક તથા અત્યાધુનિક પરિવહન સુવિધાઓના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આ પરિયોજનાઓના પૂર્ણ થવાથી યાત્રીઓની સુવિધા વધશે, શહેરી ટ્રાફિક સુગમ થશે તથા ક્ષેત્રના સમગ્ર આર્થિક અને સામાજિક વિકાસને નવી ગતિ મળશે. બેઠક ઉપરાંત કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ એ કહ્યું કે આજે ભારતના સેમીકન્ડકટર નિર્માણ ક્ષેત્ર માટે ઐતિહાસિક દિવસ છે. તેમણે જણાવ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે સાણંદમાં દેશના ત્રીજા સેમીકન્ડકટર પ્લાન્ટનું ઉદઘાટન કરશે. આ પહેલાં વડાપ્રધાન દ્વારા ૨૮ ફેબ્રુઆરી અને ૩૧ માર્ચના રોજ સાણંદમાં બે અન્ય સેમીકન્ડકટર પરિયોજનાઓનું શુભારંભ કરી દેવામાં આવ્યું છે. બેઠક દરમિયાન અમદાવાદ શહેર અને રેલવેથી જોડાયેલા નીચે જણાવેલા પાંચ મુખ્ય વિકાસ કામો પર નિર્ણય લેવામાં આવ્યા —

૧. ઓમનગર અંડરપાસ (ROB) કામમાં ઝડપ

કેન્દ્રીય મંત્રીએ અધિકારીઓને નિર્દેશ આપ્યા કે ઓમનગર અંડરપાસનું બાકી કામ આગામી નવરાત્રી મહોત્સવ પહેલાં કોઈપણ રીતે પૂર્ણ કરવામાં આવે, જેથી નાગરિકોને ઝડપી અવરજવર સુવિધા ઉપલબ્ધ થઈ શકે.

૨. અસારવા સ્ટેશન અને ટર્મિનલનો સર્વગ્રાહી પુનઃવિકાસ

અસારવા ક્ષેત્રના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વને ધ્યાનમાં રાખતાં અસારવા સ્ટેશન માટે એક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આના હેઠળ નવી સ્ટેશન બિલ્ડીંગ, આધુનિક યાત્રી સુવિધાઓ તથા ડીઆરએમ ઓફિસ સહિત આસપાસના રેલવે ક્ષેત્રનો સર્વાંગી વિકાસ કરીને આને એક આધુનિક અને સુવ્યવસ્થિત ટર્મિનલ રૂપે વિકસિત કરવામાં આવશે.

૩. અમદાવાદ સ્ટેશન પર સારંગપુર તરફ દ્વિતીય પ્રવેશ દ્વાર

અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસ હેઠળ સારંગપુર દિશામાં બીજા પ્રવેશ દ્વાર અને રોડ સંપર્કના વિકાસ પર પણ સહમતી થઈ. આનાથી યાત્રીઓને સ્ટેશન સુધી ઉત્તમ અને સુગમ પહોંચ ઉપલબ્ધ થશે તથા આસપાસના ક્ષેત્રનો યોગ્ય વિકાસ સંભવ થશે.

૪. શાહપુર-અમદાવાદ ફલાયઓવર પરિયોજના

શાહપુર- અમદાવાદ ફલાયઓવરના બાંધકામના સંબંધમાં ભારતીય પુરાતત્વ અને રાષ્ટ્રીય સ્મારક સંરક્ષણથી જોડાયેલા વિષયો પર જરૂરી સંકલન સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કેન્દ્રીય મંત્રીઓ જણાવ્યું કે આ સંબંધમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી સાથે ચર્ચા કરવામાં આવી છે તથા તમામ જરૂરી પરવાનગીઓ મેળવીને પરિયોજનાને આગળ વધારવામાં આવશે.

૫. સાબરમતી સ્ટેશન રોડનું વિસ્તરણ

સાબરમતી રેલવે સ્ટેશનને વધુ સારી રોડ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે સ્ટેશન રોડના વિસ્તરણ અને એકંદર વિકાસ માટે સંયુક્ત કાર્ય યોજના વિકસાવવા માટે એક કરાર થયો હતો. આનાથી યાત્રીઓ અને સ્થાનિક રહેવાસીઓ માટે પરિવહન સુવિધાઓમાં સુધારો થશે.

આ બેઠકમાં અમદાવાદ મહાનગર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, મહામંત્રી શ્રી દર્શક ઠાકરે, શ્રી ગૌતમભાઈ કથીરિયા, શ્રી ઉમંગભાઈ નાયક, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ નેતા શ્રી જશુભાઈ ઠાકોર, મુખ્ય દંડક શ્રી અતુલભાઈ મિશ્રા અને કાઉન્સિલર શ્રી સન્ની ખાનચંદાની સહિત અન્ય જનપ્રતિનિધિઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા.

### ઓપરેશન મિલાપની સફળતા બાદ વધુ ૧૦ દિવસ વિશેષ ઝુંબેશ ચલાવાઈ

## ગુજરાત પોલીસે માત્ર ૧૦ દિવસમાં ૫૦૦ ગુમ થયેલા નાગરિકોને શોધ્યા

વડોદરાના એક પરિવાર માટે પાંચ મહિનાનો સમય કપરો રહ્યો. ૧૪ વર્ષની દીકરી ગુમ થઈ ગઈ. પરિવાર વ્યાકુળ હતો. ત્યારે ગુજરાત પોલીસ તેની મદદે આવી. ગુજરાત પોલીસે ૧,૨૦૦ કિલોમીટર દૂર કર્ણાટકમાં જઈ સગીર બાળકીને હેમખેમ ઘરે પરત લાવી પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત પોલીસે ગુમ થયેલા બાળકો અને પુખ્ત વયના લોકોને શોધીને તેમના પરિવારો સાથે મિલન કરાવવા માટેની ઓપરેશન મિલાપ નામે રાજ્યવ્યાપી ઝુંબેશ શરુ કરી હતી. આ ઝુંબેશને વધુ ૧૦ દિવસ લંબાવવામાં આવી. ત્યારે આ તબક્કામાં ૧૦ દિવસમાં ૫૦૦ ગુમ થયેલા બાળકો અને પુખ્તવયનાં વ્યક્તિઓને શોધવામાં સફળતા મળી.

બાળકી ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ વડોદરાના છાણી વિસ્તારમાંથી ગુમ થઈ હતી. સ્થાનિક પોલીસે મહિનાઓ સુધી તપાસ કરી. સફળતા ન મળતાં આ કેસ વડોદરા એન્ટી-હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને સોંપાયો.

ટેકનિકલ સર્વેલન્સ અને ઈન્ટેલિજન્સ ઈનપુટ્સનો ઉપયોગ કરીને, તપાસકર્તાઓએ આરોપી સુનિલકુમાર કેસરીસિંહ બારીયાને કર્ણાટકના શિવમોગાથી શોધી કાઢ્યો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી સગીર બાળકીને ફોસલાવીને લઈ ગયો હતો. આરોપીએ જયપુરમાં પૂજારીનો કોર્સ પૂરો કરી નવું નામ ધારણ કરી લીધું. અને શિવમોગાના એક જૈન મંદિરમાં પૂજારી તરીકેની નોકરી શરુ કરી.ત્યાં તેણે બાળકીને પોતાની પત્ની હોવાની ખોટી ઓળખ આપી ગોંધી રાખી હતી.

તપાસ માટે એક મહિલા પોલીસ અધિકારી સહિત વડોદરા AHTUની પાંચ સભ્યોની ટીમ કર્ણાટક પહોંચી હતી અને સ્થાનિક પોલીસના સહયોગથી, ભારે વરસાદ વચ્ચે પણ બે દિવસ સુધી મંદિર પર ચાંપતી નજર રાખી. ત્રીજા દિવસે સવારે આશરે ૪ વાગ્યે જ્યારે આરોપી મંદિરે આવ્યો ત્યારે તેની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન તેણે બાળકી ક્યાં છે તેનો ખુલાસો કર્યો. માહિતીનાં આધારે પોલીસે બાળકીને સુરક્ષિત રીતે બચાવીને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું..

ગુજરાતના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (વુમન સેલ, સીઆઈડી ક્રાઈમ), શ્રી અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, "એક મહિનાના ઓપરેશન મિલાપની સફળતા બાદ, અમે આ ઝુંબેશને વધુ ૧૦ દિવસ માટે લંબાવી હતી અને ૫૦૦ ગુમ થયેલા બાળકો અને પુખ્ત વયના લોકોને સફળતાપૂર્વક શોધીને તેમના પરિવારો સાથે મેળવ્યા છે. આ લંબાવવામાં આવેલું અભિયાન ૧૨ જૂનથી ૨૧ જૂન દરમિયાન ચલાવવામાં આવ્યું હતું."

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ, ૭ મે થી ૫ જૂન દરમિયાન, ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી ઓપરેશન મિલાપ દરમિયાન ૮૫૭ મહિલાઓ અને ૨૩૪ સગીર બાળકીઓ સહિત ૧,૪૭૮ ગુમ થયેલા નાગરીકોને શોધી કાઢ્યા હતા. માત્ર ૧૦ દિવસની આ લંબાવેલી ઝુંબેશ દરમિયાન, ગુજરાત પોલીસે વધુ ૫૦૦ ગુમ થયેલા નાગરીકોને શોધીને તેમના પરિવારો સાથે મિલન કરાવ્યું હતું, જેમાં ૨૮૮ મહિલાઓ, ૮૮ બાળકીઓ, ૨૧ છોકરાઓ અને ૧૦૩ પુરુષોનો સમાવેશ થાય છે. જેનાથી ૫૦૦ પરિવારોના જીવનમાં અંધકાર દુર થયો, નવી રોશની આવી.

### અંદાજે ૧,૨૮૮ જેટલી વિવિધ વસ્તુઓ જેવી કે, ફર્નિચર, એમ્બ્યુલન્સ, સરકારી વાહન અને તબીબી ઉપકરણોનું સમારકામ કરવામાં આવ્યું

## "નમો સ્વચ્છતા અભિયાન"ના ચોથા દિવસે રાજ્યભરની ૧૨ હજારથી વધુ આરોગ્ય સંસ્થાઓમાં ૧.૩૦ લાખથી વધુ બિનઉપયોગી વસ્તુઓની ઓળખ: જેમાંથી ૬ હજારથી વધુ વસ્તુઓનો નિકાલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલ "નમો સ્વચ્છતા અભિયાન" અંતર્ગત આજે રાજ્યની સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ અને હોસ્પિટલો સુધીની તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે વ્યાપક સ્તરે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ચોથા દિવસે રાજ્યભરની ૧૨ હજારથી વધુ આરોગ્ય સંસ્થાઓમાં ૧,૩૧,૨૯૯ બિનઉપયોગી વસ્તુઓની ઓળખ કરવામાં આવી છે. આ વસ્તુઓ પૈકી ૬ હજારથી વધુ વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે, જેના પરિણામે ૮૨૨ જેટલા ઓરડાઓ ખાલી થયા છે, જે આગામી સમયમાં ઉપયોગમાં લઈ શકાશે. જ્યારે બાકી રહેલી બિનઉપયોગી વસ્તુઓની નિયમાનુસાર નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ અભિયાનના ચોથા દિવસે અંદાજે ૧,૨૮૮ જેટલી વસ્તુઓ જેવી કે લાકડા/લોખંડના ફર્નિચર - ખુરશી, ટેબલ, બારી, બારણા, કબાટ, લોકર, પલંગ વગેરે, એમ્બ્યુલન્સ, સરકારી વાહનો, ઈલેક્ટ્રોનિક્સ/આઈ.ટી. ઉપકરણો અને તબીબી ઉપકરણોનું સફળતાપૂર્વક રીપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. વધુમાં, ચાર દિવસમાં અત્યાર સુધી રાજ્યભરની ૧૨ હજારથી વધુ આરોગ્ય સંસ્થાઓમાં કુલ ૪,૫૨,૬૨૭ બિનઉપયોગી વસ્તુઓની ઓળખ કરવામાં આવી છે. આ વસ્તુઓ પૈકી ૩૨,૧૬૫ થી વધુ વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે, જેના પરિણામે ૧૪૯૬ જેટલા ઓરડાઓ ખાલી થયા છે, જે આગામી સમયમાં ઉપયોગમાં લઈ શકાશે. આ અભિયાનના ચાર દિવસમાં અંદાજે ૯,૪૮૧ જેટલી વસ્તુઓ જેવી કે લાકડા/લોખંડના ફર્નિચર - ખુરશી, ટેબલ, બારી, બારણા, કબાટ, લોકર, પલંગ વગેરે, એમ્બ્યુલન્સ, સરકારી વાહનો, ઈલેક્ટ્રોનિક્સ/આઈ.ટી. ઉપકરણો અને તબીબી ઉપકરણોનું સફળતાપૂર્વક રીપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ મુખ્યત્વે હોસ્પિટલ પરિસરમાંથી સ્ક્રેપ/ભંગાર/જંક અને બિનઉપયોગી મટીરીયલનો યોગ્ય નિકાલ, બિલ્ડીંગ તથા કેમ્પસની સઘન સાફ-સફાઈ, શુદ્ધ પીવાના પાણીની ઉપલબ્ધતા અને પાઈપલાઈનનું જરૂરી સમારકામ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દર્દીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર અને ઈલેક્ટ્રિકલ સેફ્ટી, ફર્નિચરનું સમારકામ, માઈનર સીવીલ વર્કસ તેમજ ઈન્ફેક્શન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ જેવી અત્યંત મહત્વપૂર્ણ કામગીરીઓ હાથ ધરાઈ છે, તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યના નાગરિકોને શુદ્ધ, સ્વચ્છ અને સલામત આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ગરિમામય ઉપસ્થિતિમાં ગાંધીનગર સ્થિત GMERS, ઓડિટોરિયમ ખાતેથી "નમો સ્વચ્છતા અભિયાન"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ મહાઅભિયાન તા. ૧ થી ૭ જુલાઈ, ૨૦૨૬ સુધી સમગ્ર રાજ્યમાં ચલાવવામાં આવશે.

### પ્રેમને પામવા સંતાનોની હત્યા..!

## બે વર્ષ બાદ કોર્ટે માતા અને પ્રેમીને સંભળાવી ફાંસીની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

બિહાર: પ્રેમમાં એક માતા એવી ક્રૂરતા પર ઉતરી આવી કે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. બે માસૂમ બાળકોને રસ્તાનો કાંટો સમજી તેમની હત્યા કરી નાખી હતી. ત્યારબાદ તેમના મૃતદેહ નદીમાં ફેંકી દેવામાં આવ્યા હતા. લગભગ બે વર્ષ બાદ કોર્ટે આ ભયાનક બેવડા હત્યાકાંડમાં ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે માતા અને તેના પ્રેમીને ફાંસીની સજા ફટકારતાં આ ગુનાને રેરેસ્ટ ઓફ ધ રેર ગણાવ્યો હતો. મધુબની જિલ્લાના ઝંઝારપુર સ્થિત વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ-૨ અભિષેક રંજનની કોર્ટે બેવડા હત્યાકાંડમાં દોષિત માતા અનિતા કુમારી અને તેના પ્રેમી જયપ્રકાશ મંડલને ફાંસીની સજા સંભળાવી છે. કોર્ટે બંને પર દંડ પણ ફટકાર્યો છે. સાથે જ પુરાવા નષ્ટ કરવાના ગુનામાં ૭ વર્ષની કઠોર કેદની સજા પણ સંભળાવવામાં આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ઝંઝારપુરના ન્યાયિક ઈતિહાસમાં આ પહેલો એવો કેસ છે, જેમાં કોઈ આરોપીને ફાંસીની સજા સંભળાવવામાં આવી છે.

સરકારી પક્ષના જણાવ્યા મુજબ, જુલાઈ ૨૦૨૩માં અનિતા કુમારી અને જયપ્રકાશ મંડલ વચ્ચે પ્રેમ સંબંધ હતો. બંનેને લાગવા લાગ્યું હતું કે અનિતાના બે નાના બાળકો તેમના સંબંધમાં અડચણ બની રહ્યા છે. ત્યારબાદ બંનેએ ૪ વર્ષના પ્રિન્સ અને માત્ર ૧.૫ વર્ષની સૃષ્ટિની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. માસૂમ બાળકોની હત્યા કર્યા બાદ તેમના મૃતદેહ બલાન નદીમાં ફેંકી દેવામાં આવ્યા હતા, જેથી કોઈને આ ઘટનાની જાણ ન થાય.

કેસની તપાસ દરમિયાન પોલીસે ટેકનિકલ અને વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે ઘણા મહત્વપૂર્ણ પુરાવા એકત્ર કર્યા હતા. સુનાવણી દરમિયાન સરકારી પક્ષે કોર્ટમાં ૨૪ સાક્ષીઓને રજૂ કર્યા હતા. સાક્ષીઓના નિવેદનો, સંજોગોના પુરાવા અને અન્ય પુરાવાના આધારે કોર્ટે આ નિષ્કર્ષ પર પહોંચી કે બંને આરોપીઓએ અત્યંત ક્રૂર અને પૂર્વ આયોજન સાથે આ જઘન્ય ગુનાને અંજામ આપ્યો હતો.

કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે, આ એવો ગુનો છે, જેમાં બે માસૂમ બાળકોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. તેથી આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર એટલે કે દુર્લભમાં દુર્લભ કેટેગરીમાં આવે છે. વધારાના સરકારી વકીલ દેવ શંકર ઝાએ જણાવ્યું કે, કોર્ટે સરકારી પક્ષની દલીલો અને ઉપલબ્ધ પુરાવાઓને યોગ્ય માનીને બંને આરોપીઓને દોષિત ઠેરવ્યા અને ફાંસીની સજા સંભળાવી હતી. આ ચુકાદાને ઝંઝારપુર કોર્ટના ઈતિહાસનો સૌથી મોટો અને ઐતિહાસિક નિર્ણય માનવામાં આવી રહ્યો છે.

### જ્યોતિર્લિંગ ત્ર્યંબકેશ્વર મંદિરમાં પ્રગટ્યું રહસ્ય

## ૬૫ ફૂટ ઊંડા પેશ્વાકાલીન અમૃત કુંડમાંથી મળ્યું પૌરાણિક શિવલિંગ!

(સંપૂર્ણ સમાચાર સેવા)નાસિક

નાસિકમાં યોજાનારા સિંહસ્થ કુંભમેળાની ધાર્મિક તૈયારીઓ વચ્ચે મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ મંદિરમાંથી એક આશ્ચર્યજનક અને ભક્તિમય સમાચાર સામે આવ્યા છે. મંદિર પરિસરમાં આવેલા ઐતિહાસિક અને પવિત્ર અમૃતકુંડની સફાઈ દરમિયાન વર્ષોથી કાદવ અને પાણીની નીચે છુપાયેલું એક પ્રાચીન શિવલિંગ મળી આવ્યું છે. આ શોધે ભક્તો સહિત ઈતિહાસકારોમાં ભારે કુતૂહલ જગાડ્યું છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા હાલમાં ત્ર્યંબકેશ્વર મંદિર સંકુલમાં સંરક્ષણ અને સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પેશ્વા શાસનકાળ દરમિયાન બનેલા આશરે ૬૫ ફૂટ ઊંડા અમૃતકુંડ (જેને અમૃતવર્ષિણી પણ કહેવાય છે) માંથી સદીઓ જૂનો કાંપ, રેતી અને કાદવ દૂર કરવા માટે પાણી ખાલી કરવામાં આવી રહ્યું હતું, ત્યારે કુંડના તળિયે પથ્થરનું એક સુંદર શિવલિંગ સ્પષ્ટપણે દેખાઈ આવ્યું હતું. દર ચોમાસે જમા થતી માટીના જાડા સ્તરોને કારણે આ શિવલિંગ સદીઓથી ઢંકાયેલું હતું, જેથી તે કોઈની નજરે નહોતું ચઢ્યું. આ શિવલિંગ કેટલું જૂનું છે એ જાણવા માટે હજુ વૈજ્ઞાનિક પરીક્ષણ (કાર્બન ડેટિંગ) બાકી છે, પરંતુ ઈતિહાસકારોમાં તેને લઈને બે મત પ્રવર્તે છે. ૨૪૦ વર્ષ જૂનું: વર્તમાન ત્ર્યંબકેશ્વર મંદિરનું પુનર્નિર્માણ પેશ્વા બાલાજી બાજીરાવ દ્વારા ઈ.સ. ૧૭૫૫ થી ૧૭૮૬ ની વચ્ચે કરવામાં આવ્યું હતું. જો આ શિવલિંગ તે સમયનું હોય, તો તે આશરે ૨૪૦ વર્ષ જૂનું હોઈ શકે છે. ૩૩૫ વર્ષથી વધુ જૂનું: કેટલાક ઈતિહાસકારોનું માનવું છે કે ઈ.સ. ૧૬૯૦ માં જ્યારે ઔરંગઝેબની સેનાએ જૂના મંદિર પર હુમલો કર્યો હતો, ત્યારે સુરક્ષાના ભાગરૂપે સ્થાનિક લોકોએ આ શિવલિંગને કુંડના પાણીમાં છુપાવી દીધું હોય, એવું બની શકે. જો આ દાવો સાચો સાબિત થાય, તો શિવલિંગ ૩૩૫ વર્ષથી પણ વધુ પ્રાચીન હોઈ શકે છે.

ત્ર્યંબકેશ્વરનો વિસ્તાર ડેક્કન ટ્રેપમાં આવે છે, જ્યાં મજબૂત કાળો બેસાલ્ટ પથ્થર પુષ્કળ પ્રમાણમાં મળે છે. આ શિવલિંગ પણ બેસાલ્ટ પથ્થરમાંથી બનેલું છે. આ પથ્થર ખૂબ જ મજબૂત હોય છે અને પાણીની અંદર સૂર્યપ્રકાશ કે તાપમાનની તેના પર કોઈ ખાસ અસર થતી નથી. શિવલિંગ પર જમા થયેલા કાંપના સ્તરોએ તેનું ધોવાણ થવા દીધું નથી, જેના કારણે સદીઓ પછી પણ તેનો આકાર એકદમ અકબંધ રહ્યો છે. દેશના ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક એવું આ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર નાસિકથી લગભગ ૨૮ કિલોમીટર દૂર આવેલું છે. અહીંના અમૃતકુંડનું પાણી અત્યંત પવિત્ર માનવામાં આવે છે અને રોજ ભગવાનના અભિષેક માટે આ જ પાણીનો ઉપયોગ થાય છે.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# રાજયમાં શિક્ષકોની જિલ્લા આંતરીક બદલી કેમ્પની તારીખો જાહેર કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષણ સહાયકો અને મદદનીશ શિક્ષકો માટે બદલી કેમ્પની જાહેરાત કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના ઠરાવોની જોગવાઈઓ અનુસાર રાજયના તમામ જિલ્લાઓમાં શિક્ષકોની જિલ્લા આંતરીક ફેરબદલી પ્રક્રિયા હાથ ધરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

કમિશ્નર ઓફ સ્કુલની કચેરી દ્વારા રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સત્તાવાર પત્ર પાઠવીને આગામી તારીખ ૧૬ જુલાઈ ૨૦૨૬ સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવા સુચના આપવામાં આવી છે. જિલ્લા આંતરીક બદલી કેમ્પની કાર્યવાહી ઓફલાઈન માધ્યમથી જિલ્લા કક્ષાએ હાથ ધરાશે. જેમાં ૧ જુલાઈ ૨૦૨૬ ની સ્થિતિએ ખાલી પડેલી જગ્યાઓની વિગતો ૪ જુલાઈના રોજ જાહેર કરાશે. ત્યારબાદ ૭ જુલાઈના રોજ શિક્ષકો પાસેથી બદલી માટે અરજીઓ મેળવવામાં આવશે. સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષણ સહાયકો અને મદદનીશ શિક્ષકો જેની રાહ જોઈ રહ્યા હતા. તે જિલ્લા આંતરીક બદલી કેમ્પની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. બદલી કેમ્પ માટે જાહેર કરાયેલા પત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ આંતરીક બદલી કેમ્પ અને તેની તમામ આનુષંગીક કામગીરી થતા હુકમો સંબંધિત જિલ્લા કક્ષાએથી સંપૂર્ણપણે ઓફલાઈન માધ્યમથી જ કરવાના રહેશે. બદલી કેમ્પની કાર્યવાહી ૪ જુલાઈ થી શરૂ થશે અને ૧૬ જુલાઈના રોજ પૂર્ણ થશે. જેમાં જિલ્લા કક્ષાએ જ જિલ્લા આંતરીક બદલી કેમ્પની કાર્યવાહી અને હુકમો સંબંધિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બદલી કેમ્પના નકકી કરવામાં આવેલા સમયપત્રક અનુસાર ૪ જુલાઈના રોજ ૧ જુલાઈ ૨૦૨૬ ની સ્થિતિએ માધ્યમવાર, શાળાવાર અને વિષયવાર ખાલી જગ્યાઓની વિગતો શાળા મારફત તમામ શિક્ષકોને જાણ કરવાની રહેશે. ત્યારબાદ ૭ જુલાઈ સુધીમાં નિયત અરજી ફોર્મમાં બદલી મેળવવા ઈચ્છુક શિક્ષકોની આધારો સાથેની અરજીઓ શાળાના આચાર્ય મારફત મેળવી લેવાની રહેશે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૧૦ જુલાઈ સુધીમાં બદલી ઠરાવની જોગવાઈઓને આધારે તૈયાર થયેલી કામચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ કરવાની રહેશે. મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ૧૩ જુલાઈ સુધીમાં કામચલાઉ મેરીટ સામે શિક્ષકો પાસેથી વાંધા અરજી કે અન્ય રજુઆતો સ્વીકારવામાં આવશે. ૧૪ જુલાઈના રોજ વાંધા અરજીઓની નિયમોનુસાર ચકાસણી કર્યા બાદ આખરી મેરીટ યાદી પ્રસિધ્ધ કરી કેમ્પની તારીખ જાહેર કરાશે અને ૧૬ જુલાઈના રોજ આખરી મેરીટ યાદી અને ખાલી જગ્યા મુજબ આંતરીક ફેરબદલીના હુકમો પ્રસિધ્ધ કરી દેવાશે.

કેમ્પમાં શિક્ષકો પોતાની સ્વેચ્છા અને સમજણથી શાળા પસંદ કરતા હોવાથી, એકવાર ઓર્ડર થયા પછી કોઈપણ સંજોગોમાં તે રદ થઈ શકશે નહી, બદલીનો હુકમ થયા બાદ સંબંધિત શાળાના આચાર્ય અને ડીઈઓએ શિક્ષકને ૭ કાર્યકારી દિવસમાં ફરજીયાતપણે છુટા કરવાના રહેશે. જો કે શાળામાં ઓછામાં ઓછુ ૧ નિયમિત ભરતી થી નિમાયેલ શિક્ષકનુ મહેકમ જળવાઈ રહેવુ જરૂરી છે. દિવ્યાંગો માટેની ખાસ ભરતી પ્રક્રિયા હાલ ચાલુ હોવાથી તે ખાલી જગ્યાઓ આ કેમ્પમાં દર્શાવવાની રહેશે નહી. છેલ્લે નિયમ મુજબ એક જ જિલ્લામાં આંતરીક બદલીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન વધુમાં વધુ બે વખત જ મળી શકશે અને એકવાર લાભ લીધા પછી સામાન્ય સંજોગોમાં આગામી ૩ વરસ સુધી પુનઃ અરજી કરી શકાશે નહી.

# કેન્દ્રીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન નિર્માણકામની પ્રગતિની સમીક્ષા કરી તથા ઈજનેરો અને નિર્માણ ટીમો સાથે વાતચીત કરી

કેન્દ્રીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર અંતર્ગત નિર્માણાધીન અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈને પ્રોજેક્ટના પ્રગતિ કામોની સમીક્ષા કરી તથા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં કાર્યરત ઈજનેરો અને નિર્માણ ટીમો સાથે વાતચીત કરી.





મુલાકાત દરમિયાન શ્રી વૈષ્ણવે સ્ટેશન ભવન અને તેનાથી સંબંધિત માળખાકીય સુવિધાઓના નિર્માણ કાર્યોનું નિરીક્ષણ કર્યુ. તેમણે જણાવ્યું કે અમદાવાદ સેક્શનમાં કોરિડોરના કેટલાક સૌથી જટિલ ઈજનેરી કામો કરવામાં આવી રહ્યા છે, જેમાં હાલની રેલવે લાઈનો અને ફ્લાયઓવરોની ઉપર અનેક ક્રોસિંગનું નિર્માણ સામેલ છે. તેમણે બહુમાળી સ્ટેશન ભવન તથા એપ્રોચ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિનું પણ અવલોકન કર્યું અને અધિકારીઓને પ્રોજેક્ટને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે નિર્માણ કામની ગતિ જાળવી રાખવાના નિર્દેશ આપ્યા.

કેન્દ્રીય મંત્રીએ નિર્માણ સ્થળ પર કાર્યરત ઈજનેરો અને નિર્માણ ટીમો સાથે મુલાકાત કરીને તેમના કામ, અનુભવ અને કુશળતા તેમજ ખબર-અંતરની માહિતી મેળવી તથા તેમની સમર્પિત ભાવના, પ્રતિબદ્ધતા અને અથાક પરિશ્રમની પ્રશંસા કરી.

તેમણે નિર્માણ કામની સતત પ્રગતિ માટે ટીમોના વખાણ કરતા તેમને સુરક્ષા, ગુણવત્તા અને ઈજનેરી શ્રેષ્ઠતાના સર્વોચ્ચ ધોરણો જાળવી રાખીને કામ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશનને એક સંપૂર્ણ સંકલિત (ઈન્ટિગ્રેટેડ) મલ્ટીમોડલ પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જે બુલેટ ટ્રેન સ્ટેશનને પરંપરાગત રેલવે સ્ટેશન, મેટ્રો તથા શહેરની બસ સેવાઓ સાથે સહજ રીતે જોડશે. તેમણે એ પણ જણાવ્યું કે સ્ટેશનની ડિઝાઈન અમદાવાદની સાંસ્કૃતિક ઓળખના પ્રતીક 'પતંગ'થી પ્રેરિત છે, જેમાં શહેરની સાંસ્કૃતિક વિરાસત અને વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાનો ઉત્કૃષ્ટ સમન્વય કરવામાં આવ્યો છે.

આ મુલાકાત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારની એ પ્રતિબદ્ધતાને દર્શાવે છે, જે અંતર્ગત અદ્યતન ઈજનેરી, સંકલિત પરિવહન માળખું અને વૈશ્વિક ધોરણોને અનુરૂપ યાત્રીઓની સુવિધાઓ સાથે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનાને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવી રહી છે.

# અરવલ્લી જિલ્લાના મોડાસામાં ગરમાયુ રાજકારણ : તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ભારે હોબાળોઃ કોંગ્રેસના સદસ્યોએ બંગડીઓ ફેંકી વિરોધ કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાથી મોટા રાજકીય સમાચાર પ્રાપ્ત થયા છે. જિલ્લાના મુખ્યમથક મોડાસા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ગઈ કાલે શુક્રવારે કારોબારી અધ્યક્ષ અને સામાજિક ન્યાય સમિતિની રચના દરમિયાન ભારે હોબાળો થયો હતો.

કોંગ્રેસના સદસ્યો દ્વારા સભામાં જોરદાર હંગામો મચાવવામાં આવ્યો હતો. આ આક્રોશ નુ મુખ્ય કારણ એ છે કે અગાઉ તાલુકા પંચાયતના પ્રમુખની ચુંટણી વખતે કોંગ્રેસના જ બે સદસ્યો ગેરહાજર રહ્યા હતા અને પક્ષ સામે બળવો કર્યો હતો. પક્ષ સાથે ગદ્દારી કરનારા આ નેતાઓ વિરૂધ્ધ ગઈ કાલે શુક્રવારે મહિલા કોંગ્રેસના સદસ્યોનો ગુસ્સો ફાટી નિકળ્યો હતો અને તેમણે સભાખંડમાં બંગડીઓ બતાવીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

તો બીજી તરફ ભાજપને આડકતરો ટેકો આપનારા કોંગ્રેસના બળવાખોર નેતાને જયારે મીડીયા અને સદસ્યો દ્વારા સવાલો પુછવામાં આવ્યા ત્યારે તેઓ કેમેરા સામે જવાબ આપવાનુ ટાળી ને ભાગતા નજરે પડયા હતા. આ ઘટનાને પગલે અરવલ્લી જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો.

# જુનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ : ખેડુતોને થયેલા નુકશાનનો તાત્કાલીક સર્વે કરી સહાય ચુકવવાની આમ આદમી પાર્ટી નેતાની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર



જુનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં પડેલા અતિશય વરસાદને કારણે ખેડુતોને ભારે નુકશાન થયુ હોવાનુ જણાવતા આમ આદમી પાર્ટીના ખેડુત નેતા અને પ્રદેશ કિસાન સેલ ના ઉપપ્રમુખ પિયુષ પરમારે રાજય સરકાર સમક્ષ તાત્કાલીક સર્વે હાથ ધરી અસરગ્રસ્ત ખેડુતોને વળતર ચુકવવાની માંગ કરી છે.

તેમણે વિડીયો સંદેશ દ્વારા જણાવ્યુ છે કે છેલ્લા બે દિવસમાં માંગરોળ, માળીયા હાટી અને ચોરવાડ પંથકમાં અંદાજે ૪૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ઉપરાંત કેશોદ, સુત્રાપાડા અને મેંદરડા સહિતના વિસ્તારોમાં પણ ભારે વરસાદને કારણે પાક અને ખેતીને વ્યાપક નુકશાન પહોચ્યુ છે. પિયુષ પરમારે જણાવ્યુ છે કે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના મુજબ ૨૪ કલાકમાં ૨૦ ઈંચ થી વધુ વરસાદ થાય તો હેકટર દીઠ રૂપીયા ૨૫ હજારની સહાય આપવાની જોગવાઈ છે. આથી તેમણે સ્થાનિક કલેકટર, મામલતદાર અને પ્રાંત અધિકારીઓને તાત્કાલીક અસર થી નુકશાનનો સર્વે કરાવી પાત્ર ખેડુતોને સહાય ચુકવવાની કાર્યવાહી શરૂ કરવાની અપીલ કરી છે. તેમણે ખેડુતોને પણ અનુરોધ કર્યો છે કે જયાં પાક ને નુકશાન થયુ હોય ત્યાં સ્થળ ના વિડીયો અને અન્ય જરૂરી પુરાવા એકત્રિત કરે તેમજ ગામના તલાટી કમ મંત્રીને સર્વે માટે રજુઆત કરે, હાલ વાવણીનો સમય ચાલી રહ્યો હોવાથી ખેડુતોને ઝડપથી સહાય મળે તે અત્યંત જરૂરી હોવાનુ તેમણે જણાવ્યુ છે. અંતમાં પિયુષ પરમારે તમામ જનપ્રતિનિધિઓને અપીલ કરતા જણાવ્યુ હતુ કે આ મુદ્દો કોઈ રાજકીય પક્ષનો નથી. પરંતુ ખેડુતોના હિતનો છે. તેથી તમામ ચુંટાયેલા પ્રતિનિધિઓએ પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને અસરગ્રસ્ત ખેડુતોને યોગ્ય વળતર અને સમયસર સહાય મળે તે માટે સરકાર સમક્ષ રજુઆત કરવી જોઈએ.

## કૌશલ્ય વિકાસ, ઈન્ટર્નશિપ અને રોજગાર માટે DSD,KSU, GTU અને GIFT City દ્વારા NSDC સાથે કરાયા MoU

# નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન અંતર્ગત અમદાવાદ ખાતે 'ઉદ્યોગ-એકેડેમિયા—સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ આઉટરીચ' કાર્યક્રમ યોજાયો

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના ડિરેક્ટોરેટ ઓફ સ્કિલ ડેવલપમેન્ટ-DSD અને ડિરેક્ટોરેટ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ-DET દ્વારા અમદાવાદની લે મેરિડિયન હોટેલ ખાતે નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન-NGKRM અંતર્ગત 'ઉદ્યોગ-એકેડેમિયા-સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ આઉટરીચ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગત તા. ૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ વચ્ચે મજબૂત સહયોગ સ્થાપિત કરવાનો તેમજ નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન, PM-SETU, પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના તથા મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના અંગે જાગૃતિ લાવવાનો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ શ્રી લોચન સહેરાએ જણાવ્યું હતું કે, વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના લક્ષ્યોને હાંસલ કરવા માટે કુશળ માનવબળ ખૂબ આવશ્યક છે. વિશ્વસ્તરીય અને ઉદ્યોગલક્ષી તાલીમ દ્વારા જ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક યુવાનો તૈયાર કરી શકાશે. વધુમાં, તેમણે ઉદ્યોગોને સરકારના વિવિધ કૌશલ્ય મિશનોમાં સક્રિય ભાગીદાર બનવા અપીલ કરી હતી.

આ પ્રસંગે રાજ્યમાં કૌશલ્ય વિકાસ, અભ્યાસક્રમ વિકાસ, ઈન્ટર્નશિપ, પ્રમાણપત્ર અને રોજગાર ક્ષેત્રે સહયોગ વધારવા માટે DSD, KSU, GTU તેમજ GIFT City દ્વારા નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન-NSDC વચ્ચે સમજૂતી કરાર-MoU કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પર તજજ્ઞો દ્વારા વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં ઈલેક્ટ્રોનિક્સ સેક્ટર સ્કિલ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ESSCI), ઓટોમોટિવ સ્કિલ્સ ડેવલપમેન્ટ કાઉન્સિલ (ASDC) તથા લોજિસ્ટિક્સ સેક્ટર સ્કિલ કાઉન્સિલ (LSC) ના પ્રતિનિધિઓ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્યની માંગ, ઉભરતી રોજગાર તકો, ઉદ્યોગલક્ષી તાલીમ કાર્યક્રમો તથા ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગ અંગે વિસ્તૃત પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે NSDCના CEO શ્રી અરુણ પિલ્લઈ, કૌશલ્ય - ધ સ્કિલ યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ પ્રો. એસ. પી. સિંહ, DSDના નિયામક શ્રી કે. જે. રાઠોડ, નાયબ નિયામક શ્રી નિપુણ રાવલ, ડેલોઈટના ડિરેક્ટર શ્રી પ્રિયંક પટેલ, I.C.L.S.માંથી શ્રીમતી અંકિતા લાહોટી, NSDCના પ્રતિનિધિ શ્રી રાકેશ કુમાર સહિત રાજ્યભરના ૨૦૦થી વધુ ઉદ્યોગો, ઉદ્યોગ સંગઠનો, યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, નોકરીદાતાઓ તથા સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. -જીગર બારોટ

# બેફામ સ્પીડે આવતી કારે રોડ પર ચાલતી બે યુવતીને હવામાં ફંગોળી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહીસાગર

મહીસાગર જિલ્લામાં એક ચકચારી અને કાળજું કમ્પાવી દે તેવો અકસ્માત સામે આવ્યો છે. અહીં એક ઈક કારચાલકે પૂરપાટ અને બેફામ ગતિએ ઈકો હંકારી રોડ કિનારે ચાલીને જઈ રહેલી બે યુવતીઓને જોરદાર અડફેટમાં લીધી હતી. આ સમગ્ર અકસ્માતની ભયાનક ઘટના નજીકના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, બે યુવતીઓ રોડ પરથી સામાન્ય રીતે પસાર થઈ રહી હતી, ત્યારે પાછળથી કાળ બનીને આવેલી ઈકોચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બંને યુવતીઓને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને યુવતીઓ ફંગોળાઈને રોડ પર પટકાઈ હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં બંને યુવતીઓને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ઘટના બનતાની સાથે જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસને જાણ કરવામાં આવી હતી.

## રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ ૧૩.૨૭ ટકા સરેરાશ વરસાદ

# સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો

### જૂનાગઢના માળિયા હાટીનામાં ૧૪ ઈંચ, ડાંગના વઘઈ અને સુબીરમાં તથા સુરતના અંબિકામાં ૧૩-૧૩ ઈંચ વરસાદ

રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન કુલ ૨૨૫ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં સૌથી વધુ ૨૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, જૂનાગઢના જ માળિયા હાટીનામાં ૧૪ ઈંચ, ડાંગના વઘઈ અને સુબીરમાં તથા સુરતના અંબિકામાં ૧૩-૧૩ ઈંચ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ તથા મેંદરડા તાલુકામાં ૧૨-૧૨ ઈંચ તેમજ તાપીના ડોલવણમાં ૧૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વધુ, રાજ્યના ૧૪ તાલુકાઓમાં ૫ થી ૧૦ ઈંચ, ૮૫ તાલુકાઓમાં ૧ થી ૫ ઈંચ તથા ૧૧૮ તાલુકાઓમાં ૧ ઈંચ કરતાં ઓછો વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં આજે તા. ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં સરેરાશ ૫ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે, જે રાજ્યના કુલ સરેરાશ વરસાદના ૧૩.૨૭ ટકા જેટલો થાય છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ મોસમના કુલ સરેરાશ વરસાદના ૧૭.૧૧ ટકા નોંધાયો છે. જ્યારે, સૌરાષ્ટ્રમાં ૧૫.૩૮ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૦.૮૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭.૭૯ ટકા તથા કચ્છ ઝોનમાં માત્ર ૦.૪૦ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

અત્યાર સુધીમાં નર્મદા ડેમ તેની કુલ ક્ષમતાના ૬૪.૧૧ ટકા જેટલો ભરાયો છે. જ્યારે, રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ક્ષમતાના ૩૬.૦૯ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. હાલમાં ૧૦ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૨૦ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૫૮ ડેમ ૨૫ થી ૫૦ ટકા, ૧૧૮ ડેમ ૨૫ ટકાથી નીચે ભરાયેલા છે. જેમાં, ૦૨ ડેમ હાઈ એલર્ટ, ૦૧ ડેમ એલર્ટ અને ૦૭ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOCની યાદી મુજબ રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૧૦ NDRFની ટીમ અને ૨૫ SDRFની ટીમ તૈનાત કરવામાં આવી છે, જ્યારે ૩ NDRF અને ૮ SDRFની ટીમ રિઝર્વ રાખવામાં આવી છે. રાજ્યમાં વરસાદના કારણે તા. ૦૧ જૂન, ૨૦૨૬ થી આજદિન સુધી નવસારી જિલ્લામાંથી કુલ ૫૦ નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ભારે પવન અને વરસાદને કારણે ૨,૧૭૪ ગામોમાં વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો, જેમાંથી ૨,૦૮૭ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવાયો છે અને ૮૭ ગામોમાં કામગીરી હાલ પ્રગતિમાં છે.હવામાન વિભાગની આગાહીને પગલે તા. ૦૪ થી ૦૭ જુલાઈ, ૨૦૨૬ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. - જીગર બારોટ

## રાજ્યપાલશ્રીએ ગૌશાળા પરિસરમાં વૃક્ષારોપણ કર્યું; ગૌમાતાઓને પ્રેમપૂર્વક ગોળ ખવડાવ્યો

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે અમદાવાદ ખાતે નવનિર્મિત સિતાવન ગીર ગૌશાળાનું લોકાર્પણ

### ઘાસચારા ગોડાઉન અને દાણ સ્ટોરેજની મુલાકાત લઈ ગૌશાળાની સુવિધાઓનું કર્યું નિરીક્ષણ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે આજે અમદાવાદના આંબલી વિસ્તારમાં નવનિર્મિત સિતાવન ગીર ગૌશાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ સમારોહ બાદ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગૌશાળાની ગાયોને અત્યંત પ્રેમપૂર્વક પોતાના હાથે ગોળ ખવડાવ્યો હતો.

આ તકે રાજ્યપાલશ્રીએ ગૌશાળાના પ્રાગણમાં વૃક્ષારોપણ કરી ઉપસ્થિત સૌને ગૌસેવાની સાથે-સાથે પર્યાવરણના સંતુલનને જાળવી રાખવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવાનો આગ્રહ કર્યો હતો.



રાજ્યપાલશ્રીએ ગૌશાળા પરિસરમાં નિર્મિત ઘાસચારા ગોડાઉન અને દાણ સ્ટોરેજની મુલાકાત લીધી હતી.

તેમણે પશુઓ માટે રાખવામાં આવેલા ચારાની ગુણવત્તા, ભંડારણ વ્યવસ્થા તથા ગૌશાળાની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. ગૌશાળાની વિવિધ સુવિધાઓ અંગે ઝીણવટભરી જાણકારી મેળવ્યા બાદ, રાજ્યપાલશ્રીએ સંચાલકોને ગૌશાળાને સંપૂર્ણપણે સ્વાવલંબી બનાવવા, પરિસરમાં ઉત્તમ સ્વચ્છતા જાળવવા તેમજ ગોબર-ગૌમૂત્રના યોગ્ય ઉપયોગથી પ્રાકૃતિક ખાતરના નિર્માણ અંગે અત્યંત મહત્વપૂર્ણ અને વ્યવહારિક માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, એ.એમ.સી. ની ટાઉન પ્લાનિંગ સમિતિના ચેરમેન શ્રી ભાગ્યેશભાઈ પટેલ, પાણી પુરવઠા સમિતિના ચેરમેન શ્રી ધરમસિંહ દેસાઈ, બોડકદેવ વોર્ડના કોર્પોરેટર શ્રી દેવાંગભાઈ દાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**પશ્ચિમ રેલ્વે**

**યુટિલિટી શિફ્ટિંગ કાર્ય**

ડે.ચીફ એન્જીનીયર (C) II, પશ્ચિમ રેલ્વે, રતલામ વિભાગના એ ટેન્ડર નંબર: RTM - RBQD DYCE-C-II- 01 - તારીખ 01.07.2026 ને આમંત્રણ આપ્યું છે. કાર્યનું નામ: રતલામ-વડોદરા ક્વાડ્રુપ્લીંગ પ્રોજેક્ટ (258.94 કિમી) ના સંદર્ભમાં દાહોદ-રતલામ સેક્શન વચ્ચે યુટિલિટી શિફ્ટિંગનું કામ. કાર્યની અંદાજિત કિંમત: ₹ 45,08,65,338.61/-. EMD: ₹90,17,400/-. ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા.27.07.2026ના 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 27.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0332

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**બિડ આમંત્રણ સૂચના**

નં. બિડ /પેકેજ નં. DyCE-C-I-IND-RKGC-EPC-2 તારીખ: 30.06.2026

મધ્યપ્રદેશ રાજ્યમાં રતલામ મહુ ખંડવા ગેજ કન્વર્ઝનના સંદર્ભમાં કુલથાણા અને રાજપુરા સ્ટેશનો વચ્ચે કિમી 28/970 થી 42/040 માં નવી રેલ્વે BG લાઇનના બાંધકામ માટે RFP, જેમાં અર્થવર્ક, નાના પુલ (03 નંગ) અને મુખ્ય પુલ (07 નંગ), સ્ટેશન ઇમારતો, ટનલ (7 નંગ) અને MEGA પુલ (03 નંગ)નો સમાવેશ થાય છે, એન્જિનિયરિંગ, પ્રાપ્તિ, બાંધકામ (EPC) મોડ પર.

ભારતના રાષ્ટ્રપતિ, રેલવે મંત્રાલય, મુખ્ય ઇજનેર/બાંધકામ IV/પશ્ચિમ રેલવે, ચર્ચગેટ, મુંબઈ ("ઓથોરિટી") દ્વારા રજૂ, જેનું મુખ્ય કાર્યાલય ચર્ચગેટ, મુંબઈ-400020 ખાતે છે, તે રેલવે અને સંબંધિત માળખાગત સુવિધાઓના વિકાસમાં રોકાયેલ છે, અને આ પ્રયાસના ભાગ રૂપે, ઓથોરિટીએ કુલથાણા (સહિત)-રાજપુરા (સહિત) વિભાગ (લંબાઈ 13.07 કિમી) ના ગેજ કન્વર્ઝન (MG થી BG) હાથ ધરવાનો નિર્ણય લીધો છે જેમાં પશ્ચિમ રેલવેના રતલામ-મહૂ-ખંડવા GC પ્રોજેક્ટના સંદર્ભમાં એન્જિનિયરિંગ, પ્રાપ્તિ, બાંધકામ (EPC) મોડ ("પ્રોજેક્ટ") પર એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ ("EPC") કોન્ટ્રાક્ટ દ્વારા વીજળીકરણનો સમાવેશ થાય છે, અને બિડરની પસંદગી માટે બિડિંગ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લીધો છે જેને પ્રોજેક્ટ સોંપવામાં આવી શકે છે. પ્રોજેક્ટનું સંક્ષિપ્ત વર્ણન ઓથોરિટીની વેબસાઇટ https://ireps.gov.in પર પ્રોજેક્ટના માહિતી મેમોરેન્ડમમાં જોઈ શકાય છે. પ્રોજેક્ટની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છે:

પ્રોજેક્ટનું નામ: કુલથાણા (સહિત)-રાજપુરા (સહિત) વિભાગ (લંબાઈ 13.07 કિમી) નું ગેજ કન્વર્ઝન (MG થી BG) જેમાં પશ્ચિમ રેલ્વેના રતલામ-મહૂ-ખંડવા જીસી પ્રોજેક્ટના સંદર્ભમાં વીજળીકરણનો સમાવેશ થાય છે. અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ (₹) 1112,26,48,783.96/-

સંપૂર્ણ બિડ દસ્તાવેજ રેલવે વેબસાઇટ https://ireps.gov.in ના સત્તાવાર પોર્ટલ પરથી 29.06.2026 થી 30.10.2026 સુધી 15.00 કલાક સુધી જોઈ/ડાઉનલોડ કરી શકાય છે. ભારતીય સમય મુજબ. બિડરએ 30/10/2026 ના રોજ અથવા તે પહેલાં 15:00 કલાક સુધી https://ireps.gov.in પર તેની નાણાકીય બિડ અને ટેકનિકલ બિડ સબમિટ કરવાની રહેશે. ઓનલાઇન પ્રાપ્ત બિડ 11.11.2026 ના રોજ 12:00 કલાકે ખોલવામાં આવશે. ભારતીય સમય મુજબ.

અન્ય કોઈપણ રીતે બિડ સ્વીકારવામાં આવશે નહીં. જોકે, પાવર ઓફ એટર્ની, બેંક ગેરંટી અને સંયુક્ત બિડિંગ કરાર વગેરે બિડર દ્વારા 05-11-2026 ના રોજ અથવા તે પહેલાં 18:00 કલાકે IST પર ભૌતિક રીતે સબમિટ કરવામાં આવશે. કૃપા કરીને નોંધ લો કે પશ્ચિમ રેલ્વે કોઈપણ કારણ આપ્યા વિના બધી અથવા કોઈપણ બિડ સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે. 0329

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### નાગાલેન્ડમાં થાય છે સાચા રામ રાજ્યના દર્શન

# જ્યાં દુકાનદારો વગરની દુકાનોમાંથી કરાય છે લાખોની ખરીદી

(છનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજના હડહડતા કળીયુગમાં જ્યાં છેતરપિંડી અને વિશ્વાસઘાતના કિસ્સાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે ભારતના જ એક રાજ્યમાં આજે પણ "રામરાજ્ય" જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. ઉત્તર પૂર્વ ભારતના અતિ સુંદર રાજ્ય નાગાલેન્ડમાં લોકો એટલી હદ સુધી પ્રામાણિક છે કે ત્યાંની સ્થાનિક દુકાનોમાં કોઈ ચોકીદાર કે દુકાનદારની જરૂર પડતી નથી. ગ્રાહકો પોતે દુકાનમાં આવે છે અને પોતાની જરૂરિયાતનો સામાન ખરીદે છે અને પ્રામાણિકતાથી એના પૈસા કેશ બોક્સમાં અથવા ઓનલાઈન સ્કેનર દ્વારા ચૂકવીને ચાલ્યા જાય છે. નાગાલેન્ડમાં નાના ગામડાઓ અને કેટલાક શહેરોમાં આ વ્યવસ્થા ખૂબ જ સામાન્ય છે. અહીં દિવસભર દુકાનો ખુલ્લી રહે છે અને એના માલિકો પોતાના અન્ય કામોમાં વ્યસ્ત હોય છે. ગ્રાહકો દુકાનમાં આવીને સામાન્ય કિંમત પ્રાઈઝ લીસ્ટ કે સ્કેનર દ્વારા ચેક કરે છે ત્યારબાદ નિયત રકમ કેશ બોક્સમાં જમા કરાવે છે અને જો પરચુરણ પાછું લેવાનું હોય તો એ પણ જાતે જ ગણીને લઈ લે છે. દુકાનદારો સાંજે આવીને માત્ર હિસાબની ગણતરી કરે છે. આશ્ચર્યની વાત એ છે કે અહીં ચોરી કે ઉચાપતના કિસ્સાઓ નહીવત અથવા શૂન્ય બરાબર જોવા મળે છે.

નાગાલેન્ડની આ અનોખી પરંપરા પાછળ ત્યાંની આદિવાસી સંસ્કૃતિ અને મજબૂત સામુદાયિક મૂલ્યો જવાબદાર છે. અહીં લોકો એકબીજાને ખૂબ સારી રીતે ઓળખે છે અને સમાજમાં નૈતિકતાનું સ્તર એટલું ઊંચું છે કે કોઈપણ વ્યક્તિ ખોટું કામ કરતા પહેલા સો વાર વિચારે છે. માત્ર દુકાનો જ નહીં, ટેક્સી ચાલકો કે હોમ સ્ટેના માલિકો પણ પ્રવાસીઓ પાસેથી ક્યારેય વધારાના પૈસા વસૂલ કરતા નથી. આમ નાગાલેન્ડ ની આ સિસ્ટમ દેશભર ના લોકો માટે એક દ્રષ્ટાંત પૂરું પાડી રહી છે.

# ભારતની અર્થવ્યવસ્થાને લાગ્યું છે મંદીનું ગ્રહણ ત્યારે મજબૂત પગલાં ભરવા જરૂરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અમેરિકા-ઈઝરાયેલે ઈરાન સાથે કરેલા યુદ્ધને કારણે છેલ્લા ઘણા સમયથી આપણા દેશની અર્થવ્યવસ્થા સુસ્ત થઈ ગઈ છે. અને એમાં વધુ મંદ પડી ગઈ છે ત્યારે તાકીદે આનો ઈલાજ કરવામાં નહીં આવે તો હાલ જે રીતે મોંઘવારીએ તો ફાટીને ધુમાડે ગઈ જ છે પરંતુ બીજી પણ અનેક સમસ્યાઓ સર્જાશે. બીજું પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને લગતી અનિશ્ચિતતા વચ્ચે ભારતીય અર્થતંત્ર ફરીથી ગતિ પકડે તેવી હાલ કોઈ તાત્કાલિક શક્યતા દેખાતી નથી. મુખ્ય ઉદ્યોગોના વિકાસ દરમાં ઘટાડો અને આવશ્યક ચીજ વસ્તુઓના ભાવમાં વધારો થવા સાથે દેશમાં ઉત્પાદન પ્રવૃત્તિની ગતિ પણ ધીમી પડી છે.વધુમાં નવા બિઝનેસ ઓર્ડર અને આંતરરાષ્ટ્રીય વેચાણમાં ધીમી ખરીદીએ રોજગાર સર્જન અને ઉત્પાદનની ગતિ ધીમી કરી છે. બીજા શબ્દોમાં કહીએ તો થોડા ક્ષેત્રોને બાદ કરતાં મોટા ભાગના ક્ષેત્રોમાં મંદી જોવા મળી રહી છે, જેની સીધી અસર સમગ્ર અર્થતંત્ર પર પડી રહી છે.વધુમાં માંગ અને બજારની સ્થિતિ અંગેની ચિંતાઓને કારણે જૂનમાં રોકાણકારોનો વ્યવસાયિક ભરોસો પણ નબળો પડ્યો છે. ખાસ કરીને વિદેશી રોકાણકારોએ ભારતીય બજાર પ્રત્યે શંકાશીલ વલણ જાળવી રાખ્યું છે. જેના કારણે વિદેશી રોકાણનો પ્રવાહ સતત ગતિ રહ્યો છે. સર્વેક્ષણ સૂચવે છે કે નજીકના ભવિષ્યમાં સામાન્ય સ્થિતિમાં પાછા ફરવા અંગેની શક્યતામાં ઘટાડો થયો છે. પરિણામે આગામી વર્ષ દરમિયાન ઉત્પાદનમાં ઘટાડો દેખાઈ રહ્યો છે. અને ઉત્પાદનમાં વધારો થવાની ધારણા ધરાવતી કંપનીઓનું પ્રમાણ મે મહિનાની સરખામણીમાં જૂનમાં અડધું થઈ ગયું છે. આ સ્થિતિની ગંભીરતા સૂચવી જાય છે.

આમ ઘણી વાર એવું જોવા મળે છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધારાને ટાંકીને ગેસ,પેટ્રોલ,ડીઝલ વગેરેના ભાવમાં વધારો કરવામાં આવે છે. પણ જ્યારે વૈશ્વિક ભાવ ઘટે ત્યારે ગ્રાહકોને તેનો સંપૂર્ણ લાભ મળતો નથી. હવે ભાવ ઘટી રહ્યા છે ત્યારે કમસેકમ સામાન્ય નાગરિકો માટે જરૂરી એવા આ ઈંધણના ભાવ ઘટે એ ખૂબ જરૂરી છે.

# સીટી સેશન્સ કોર્ટનો ઐતિહાસિક ચુકાદોઃ કન્ડકટર પર એસીડ ફેંકનાર મહિલાને ૧૦ વરસની જેલ અને રૂ.૧ લાખનો દંડ

પ્રતિનિધિ,ગાંધીનગર




અમદાવાદ શહેરમાં પ્રેમ સંબંધનો કરૂણ અને ભયાનક અંજામ લાવનારી એક ઘટનામાં અમદાવાદની સીટી સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. ૫ વરસ જુના પ્રેમ સંબંધનો અંત આવતા ઉશ્કેરાઈને પ્રેમી પર એસીડ હુમલો કરનાર ૩૯ વર્ષીય મહિલાને કોર્ટે ગુન્હેગાર ઠેરવી છે. આરોપી મહિલાને ૧૦ વરસની સખત કેદની સજા અને રૂપીયા ૧ લાખનો આકરો દંડ ફટકાર્યો છે.

કેસની વિગત અનુસાર એએમટીએસમાં કંડકટર તરીકે ફરજ બજાવતા ૫૧ વર્ષીય વ્યકિતને બસમાં જ મુસાફરી કરતી ૩૯ વર્ષીય મહેજબીનબાનુ છુવારા નામની મહિલા સાથે ઓળખાણ થઈ હતી. સમય જતા આ ઓળખાણ મિત્રતા અને ત્યારબાદ પ્રેમ સંબંધમાં પરીણમી હતી. જો કે ફરીયાદી કંડકટર પરીણીત હોવાથી તેમના પરીવારને આ આડા સંબંધની જાણ થઈ ગઈ હતી. કૌટુંબિક શાંતિ ખાતર કંડકટરે મહિલા સાથેના તમામ સંબંધો પર પૂર્ણવિરામ મુકી દીધુ હતું અને છેલ્લા એક વરસથી તેની સાથે વાતચીત બંધ કરી દીધી હતી. પોતાની સાથે સંબંધ તોડી નાખવાના આ નિર્ણયથી નારાજ થયેલી મહેજબીનબાનુએ બદલો લેવાનુ નકકી કર્યુ હતું. વર્ષ ૨૦૨૪ માં કાલુપુર રેલ્વે સ્ટેશન નજીક આવેલા એએમટીએસ બસ સ્ટેન્ડ પર ફરીયાદી કંડકટર જયારે ફરજ પર હતા, ત્યારે મહિલા બુરખો પહેરીને તેના એક મિત્ર સાથે ત્યાં પહોચી હતી. તે મારી સાથે સંબંધ કેમ તોડી નાંખ્યો ? તેમ કહી તકરાર કર્યા બાદ, મહિલાએ પોતાની પાસે રાખેલુ ઘાતક એસીડ ફરીયાદી પર ફેંકી દીધુ હતું. આ ભયાનક હુમલામાં ફરીયાદીની આંખ, પીઠ અને ગુપ્ત ભાગો પર ગંભીર રીતે દાઝી ગયા હતા અને લાંબી સારવાર બાદ પણ તેમની એક આંખની દ્રષ્ટી નબળી પડી ગઈ હતી. આ અંગે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હતો.

કાર્યવાહી દરમિયાન બચાવ પક્ષે એવી દલીલ કરી હતી કે હુમલાખોર મહિલા બુરખામાં હોવાથી તેની ઓળખ સ્પષ્ટ થતી નથી અને ગુન્હાના સમયે તેનુ ફોન લોકેશન પણ ત્યાનુ નથી, વધુમાં ફરીયાદીને અન્ય કોઈ યુવતિ સાથે સંબંધ હોવાથી આ ખોટી ફરીયાદ કરાઈ હોવાનો દાવો કરાયો હતો. જો કે સરકારી વકીલ વિજયસિંહ ચાવડાએ એફએસએલનો રીપોર્ટ કોર્ટ સમક્ષ રજુ કર્યો હતો. જેમાં ફરીયાદીના કપડાં અને ઘટનાસ્થળે થી એસીડના અંશો મળી આવ્યા હતા.

કોર્ટે બચાવ પક્ષની દલીલો ફગાવી, વૈજ્ઞાનિક પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખીને મહિલાને કડક સજા ફટકારી સમાજમાં દાખલો બેસાડયો છે.

# ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા મેડીકલ ઓફીસર વેકરીયા ઉંઘતા ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



સાબરકાંઠા જિલ્લાના ટ્રાયબલ વિસ્તારની ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ફરજ પરના મેડીકલ ઓફીસ ડો. વેકરીયા સવારે તેમની ખુરશીમાં ઉંઘતા ઝડપાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ મેડીકલ ઓફીસર હિંમતનગર શહેરના વ્હોરા સમાજના આગેવાન હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

એક જાગૃત નાગરીકે આ ઘટનાનો વિડીયો બનાવ્યો હતો. જે સોશીયલ મીડીયા પર વાયરલ થતા હોસ્પિટલ તંત્રમાં ભારે હડકંપ મચી જવા પામ્યો હતો. આ ઘટના ગુરૂવારે સવારે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ બની હતી. ડોકટર ફરજ પર આવ્યા બાદ તેમની ખુરશીમાં સુઈ ગયા હતા. જયારે હોસ્પિટલની બહાર અંદાજે ૨૫ થી ૩૦ દર્દીઓ દવા લેવા માટે રાહ જોઈ રહ્યા હતા. જાગૃત નાગરીક ઉંઘતા ડોકટરનો વિડીયો બનાવ્યો હતો. વિડીયો બનાવતી વખતે ડોકટર વેકરીયા અચાનક જાગી ગયા હતા.

આ અંગે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલના અધિક્ષક અશ્વિનભાઈ ગઢવીનો સંપર્ક કરતા જણાવ્યુ હતુ કે સોશીયલ મીડીયામાં વાયરલ થયેલા વિડીયો અંગે ડોકટર વેકરીયાને કારણ દર્શાવતી નોટીસ આપી ખુલાસો માંગવામાં આવશે.

# ખેડુત આંદોલનમાં મોટો ભડકોઃ ૨ કરોડના કથિત સોદા ના ઓડીયો બાદ નિલેશ એરવાડીયાને છાવણીમાંથી દુર કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર




મોરબીના જેતપરમાં ચાલી રહેલા ખેડુતોના ઉપવાસ આંદોલનમાં એક સનસનાટીપૂર્ણ નવો વળાંક આવ્યો છે. આંદોલનના મુખ્ય આગેવાન નિલેશ એરવાડીયા અને હકાભા ગઢવી વચ્ચેનો એક કથિત ઓડીયો વાયરલ થતા સમગ્ર રાજયમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ વાયરલ ઓડીયોમાં આંદોલનને સમેટવા માટે રૂપીયા ૨ કરોડનો કથિત સોદો થયો હોવાના આક્ષેપો ઉઠયા છે. લાખો ખેડુતોનો વિશ્વાસ અકબંધ રાખવા અને આંદોલનને આ આંચકામાંથી બચાવવા માટે ખેડુત આંદોલન સમિતિએ મીડીયા સમક્ષ આવીને મોટો નિર્ણય જાહેર કર્યો છે. સમિતિ દ્વારા નિલેશ એરવાડીયાને તાત્કાલીક અસરથી આંદોલન છાવણીમાંથી દુર કરી દેવામાં આવ્યા છે.

આ કથિત ઓડીયો વાયરલ થયા બાદ નિલેશ એરવાડીયાએ ગંભીર આક્ષેપ કરી જણાવ્યુ હતુ કે આ વાયરલ ઓડીયો કિલપમાં મારો અવાજ નથી, હું કોઈપણ પ્રકારની એફએસએલ તપાસ માટે તૈયાર છું, એરવાડીયાએ આક્ષેપ કર્યો છે કે આ આંદોલનને તોડવા માટે સરકાર દ્વારા ષડયંત્ર રચવામાં આવી રહ્યુ છે અને તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળી રહી છે. તેમણે પોતાની સુરક્ષા માટે મોરબી જિલ્લા પોલીસવડાને મળીને પોલીસ પ્રોટેકશન માંગવાની જાહેરાત કરી છે. જો કે આ વાયરલ ઓડીયોની હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટી થઈ નથી. તો બીજી તરફ આંદોલનકારીઓ અને કથિત ઓડીયોમાં જેમનુ નામ છે તે હકાભા ગઢવીના હળવદ સ્થિત નિવાસસ્થાને કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હકાભાના પરીવારની સુરક્ષા માટે પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે. સમગ્ર મોરબી જિલ્લામાં આ ઘટના બાદ તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ છે. જેને પગલે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે સ્થાનિક પોલીસ તંત્ર હાઈ એલર્ટ મોડ પર આવી ગયુ છે.

# ગુજરાત સરકારે માર્ગ મકાન વિભાગના ૧૨૨ વર્ક આસી. ને આપ્યું પ્રમોશન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો છે. જે મુજબ માર્ગ અને મકાન વિભાગના ૧૨૨ વર્ક આસી. ને અધિક મદદનીશ ઈજનેર તરીકે બઢતી આપવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગના વહિવટી માળખાને મજબુત કરવા આ નિર્ણય લેવામાં આવ્યો છે, જે મુજબ વિવિધ વર્તુળ કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ ૩ ના કુલ ૧૨૨ વર્ક આસી. (સીવીલ ) કર્મચારીઓને તાત્કાલીક અસરથી અધિક મદદનીશ ઈજનેર (સીવીલ) વર્ગ ૩ ના પદ પર પ્રમોશન સાથે નવી નિમણુંક આપવામાં આવી છે. સરકારના નાયબ સચિવ હિતેશ ગોહિલ દ્વારા આ અંગેનુ સત્તાવાર નોટીફીકેશન જાહેર કરવામાં આવ્યુ છે.

સરકાર દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર અત્યાર સુધી પે મેટ્રીકસ લેવલ ૦૪ મુજબ રૂપીયા ૨૫,૫૦૦ થી રૂપીયા ૮૧,૧૦૦ ના પગાર ધોરણમાં ફરજ બજાવતા આ કર્મચારીઓને હવે પ્રમોશન મળતાની સાથે જ પે મેટ્રીકસ લેવલ ૦૭ મુજબ રૂપીયા ૩૯,૯૦૦ થી રૂપીયા ૧,૨૬,૬૦૦ નુ નવુ પગારધોરણ મળવાપાત્ર થશે.

હાલમાં આ તમામ નિમણુંકો ચોકકસ શરતોને આધિન તદ્દન હંગામી ધોરણે કરવામાં આવી છે.

અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટ સહિત રાજયભરમાં બદલીઓ / બઢતી મેળવનારા ૧૨૨ કર્મચારીઓમાં સમગ્ર ગુજરાતની વિવિધ પેટા વિભાગીય કચેરીઓના કર્મચારીઓનો સમાવેશ થાય છે. અમદાવાદ, ગાંધીનગર, પાટણ, હિંમતનગર, મહેસાણા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર સહિતના વિવિધ જિલ્લાઓમાં વર્ગ આસી. તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને બઢતી આપીને નવી જગ્યાએ જવાબદારી સોંપવામાં આવી છે. સમયમર્યાદામાં હાજર થવા આદેશ, બેદરકારી દાખવનાર સામે કડક કાર્યવાહી અધિ સુચનામાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યુ છે કે, બઢતી મેળવેલા તમામ કર્મચારીઓએ નિયત સમયમર્યાદામાં નવી જગ્યાએ હાજર થવાનુ રહેશે.

જો કોઈ કર્મચારી સમયસર હાજર નહી થાય તો તેના બઢતીના હુકમો આપોઆપ રદ ગણાશે અને ભવિષ્યમા તેઓ સીનીયોરીટી ગુમાવશે, એટલુ જ નહી બઢતી ન સ્વીકારનાર કર્મચારીઓને અગાઉ મળેલ ઉચ્ચત્તર પગાર ધોરણ પણ પાછુ ખેંચી લેવા સુધીની આકરી કાર્યવાહી કરવામાં આવી શકે છે.

# મોરબીમાં સરકારના પરીપત્ર સુધી ખેડુત આંદોલન યથાવતઃ પરીપત્ર નો અભ્યાસ કર્યા બાદ જ આંદોલન સમેટાસે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




મોરબીના જેતપર ગામે ચાલી રહેલા ખેડુત આંદોલન બાદ રાજય સરકારે વીજ પોલ અને કોરીડોરના વળતરમાં નોધપાત્ર વધારો કર્યો છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગાંધીનગર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી આ અંગે જાહેરાત કરી હતી.

તો બીજી તરફ સરકારની જાહેરાત બાદ પણ જેતપર ખેડુત આંદોલન યથાવત રહેશે. સરકારની જાહેરાત બાબતે હાલમાં પ્રતિક્રિયા આપવાનો આંદોલનકારીઓ તથા તેની સમિતિએ ઈન્કાર કર્યો છે. મોરબી જેતપર ગામે આંદોલન ચાલી રહ્યુ છે અને આંદોલનકારીઓ દ્વારા પોતાની ૬ માંગણીઓ સરકારની લેખિતમાં ૧૧ દિવસ પહેલા મોકલાવી દેવામાં આવી હતી. પરંતુ આજ દીન સુધી માંગણીઓ બાબતે સરકાર શું કરવા માંગે છે તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી અને આજે પ્રેસ કોન્ફરન્સ યોજીને જે નવી વળતર માટેની નીતી જાહેર કરવામાં આવી છે તે બાબતે પણ કોઈપણ પ્રકારની ચર્ચા આંદોલનકારીઓ કે તેઓની સમિતિ સાથે કરવામાં આવી નથી.

જે જાહેરાતો કરવામાં આવી છે તે અંગેની પુરતી માહિતી પણ મોરબીના જેતપર ગામે આંદોલન કરી રહેલા ખેડુતો કે તેઓની સમિતિ પાસે નથી. જેથી તેમના દ્વારા સરકાર તરફથી વળતર બાબતની જે જાહેરાત કરવામાં આવી છે.

તેનો લેટર કે પરીપત્ર તેઓને ન મળે ત્યાં સુધી કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવાની ના પાડવામાં આવી છે. જો કે ખેડુતોએ જે પ્રકારની માંગણી સરકાર પાસે કરી હતી તે મુજબનુ જો વળતર આપવાની સરકારે જાહેરાત કરી નહી હોય તો કદાચ આંદોલન આગામી સમયમાં પણ ચાલુ રહી શકે છે. તેવી શકયતાઓને નકારી શકાતી નથી. મોરબીમાં છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલુ ખેડુત આંદોલન હવે વેગ પકડી રહ્યુ છે. વરસાદી માહોલને કારણે ગઈ કાલે એક દિવસ માટે રામવાડી ખાતે ફેરવવામાં આવેલી આંદોલનની છાવણી ફરી પોતાની મુળ જગ્યાએ પરત ફરી છે. ચોમાસાની ઋતુ અને વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને ખાસ વોટરપ્રુફ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. આ વોટરપ્રુફ ડોમ તૈયાર થઈ જતા આજથી ફરી આંદોલનની છાવણી મુળ જગ્યાએ જ શરૂ કરી દેવામાં આવી છે. જયાં મોટી સંખ્યામાં લોકો ખેડુતોના સમર્થનમાં આવી રહ્યા છે. આંદોલન સમિતિના સભ્યો પાસેથી મળતી વિગતો મુજબ અત્યાર સુધી ભાઈઓ સાથે ઉપવાસ પર બેઠેલી બહેનોએ હવે ઉપવાસ આંદોલન છોડી દીધુ છે. જો કે આંદોલનને તેમનુ નૈતિક સમર્થન સંપૂર્ણપણે યથાવત છે. હાલના તબકકે ૯ ભાઈઓ જ મકકમતાપૂર્વક ઉપવાસ આંદોલન પર બેઠા છે અને પોતાની માંગણીઓ પર અડગ છે.

# ગુજરાતમાં આગામી ૩ કલાક ભારેઃ હવામાન વિભાગની આગાહી મુજબ સાબરકાંઠા, અરવલ્લી, ભાવનગર સહિત ૭ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત ના વાતાવતરણમાં અચાનક મોટો પલ્ટો આવ્યો છે. ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળના ભારતીય હવામાન વિભાગ, અમદાવાદ કેન્દ્ર દ્વારા આજે સાંજે ૪ કલાકે એક તાત્કાલીક ના ઉકાસ્ટ બુલેટીન જાહેર કરવામાં આવ્યુ છે.

આ આગાહી મુજબ આગામી ૩ કલાક (સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી) રાજય માટે ભારે સાબિત થઈ શકે છે. હવામાન વિભાગે રાજયના ૭ જિલ્લાઓમાં ભારે થી અતિભારે વરસાદ અને વિજળી પડવાની આશંકા સાથે રેડ એલર્ટ આપ્યુ છે. જયારે અન્ય ૨૩ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓમાં આગામી થોડા કલાકમાં મેઘરાજા રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. સાબરકાંઠા, અરવલ્લી, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, જુનાગઢ અને દીવ માં ૧૫ એમએમ કલાક થી વધુ ભારે વરસાદ ખાબકવાની પુરેપુરી સંભાવના છે. આ વિસ્તારોમાં તોફાની પવન ૪૧ થી ૬૧ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફુંકાશે. આ ઉપરાંત ગાજવીજ સાથે આકાશમાંથી જમીન પર વિજળી પડવાની પણ ૩૦ થી ૬૦ ટકા જેટલી શકયતા છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં મધ્યમ વરસાદની (૫ થી ૧૫ મીલીમીટર કલાકે વરસાદ પડવાની સંભાવના છે.) જેને પગલે વહિવટી તંત્ર એલર્ટ મોડ પર છે.

રાજયના ૨૩ જિલ્લાઓને ઓરેન્જ એલર્ટ અપાયુ છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, ખેડા, મહિસાગર, દાહોદ, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, બોટાદ તેમજ દમણ અને દાદરાનગર હવેલી આ તમામ જિલ્લાઓમાં ૪૧ થી ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાની મધ્યમ સંભાવના છે. તો બીજી તરફ બનાસકાંઠા, પાટણ, મોરબી, કચ્છ, જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં વાતાવરણ થોડુ હળવુ રહેશે. ગાજવીજ સાથે હળવો વરસાદ (૫ મીલીમીટર થી ઓછો) અને પવનની ગતિ ૪૦ કિ.મી. પ્રતિ કલાક થી ઓછી રહેવાનુ અનુમાન છે. આ વિસ્તારોમાં વિજળી પડવાની શકયતા નહિવત છે. આ ભારે વરસાદ અને તોફાની પવનને કારણે શહેરી વિસ્તારોમાં ટ્રાફીક જામ, નિચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર અને ડ્રેનેજ લાઈનો ઉભરાવવાની સમસ્યાઓ સર્જાઈ શકે છે. ભારે પવનથી વૃક્ષો કે હોર્ડિંગ્સ પડવાનો ખતરો રહેલો છે. આથી હવામાન વિભાગે અપીલ કરી છે કે લોકો સાવચેત રહે, કારણ વગર ઘરની બહાર ન નિકળે અને પશુપાલકો પોતાના પશુઓને સુરક્ષિત ધ્યાને રાખે.

# નવાયાર્ડ વિસ્તારમાં રાત્રે બોલાચાલી બાદ બે મિત્રો ઉપર ચપ્પુથી હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના નવા યાર્ડ વિસ્તારમાં ગઈ મધરાતે નજીવી બાબતે બોલાચાલી બાદ ચપ્પુથી હુમલો થયો હતો. ફર્નિચરના વેપારી જમીલ પઠાણે નોંધાવેલી ફરિયાદ મુજબ, દિવ્યા ગેસ એજન્સી પાસે મિત્ર સલીમ અને મોહસીન વચ્ચે ઝઘડો થતા મોહસીને ચપ્પુથી સલીમ પર હુમલો કર્યો. ત્યારબાદ તેણે જમીલ પર પણ હુમલો કર્યો અને તેના મિત્રો પ્રકાશ ઉર્ફે પકિયા સહિત ૩ અન્યને બોલાવી ગાળો ભાંડી હતી. પોલીસે ૪ હુમલાખોરો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નવા યાર્ડ રોશન પાર્કમાં રહેતા ફર્નિચરના વેપારી જમીલ પઠાણે પોલીસને કહ્યું છે કે, તા.બીજી એ રાત્રે દિવ્યા ગેસ એજન્સી પાસે હું મારા મિત્ર સલીમ અને મોહસીન બેઠા હતા ત્યારે સલીમ અને મોહસીન વચ્ચે કોઈ કારણસર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ મોહસીને સલીમ ઉપર ચપ્પુથી હુમલો કરતા તેને અંગુઠા પર ઈજા થઈ હતી.